સુવિચાર
સફળતામાં ક્ષમતાની સાથે વર્તણુંકનું પણ સમાન મહત્વ છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૦૭/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

# અમરેલી એક્સપ્રેસ

જિલ્લાનાં આમઆદમીનું અખબાર
અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

COMING SOON
હરિૐ
SINCE 1959
PENDAWALA
રાજભોગ

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ સુદ-૯ વર્ષ : ૧૬ અંક : ૧૭૪

## ગીરકાંઠા વિસ્તારમાં રાની પશુઓ, શહેરી વિસ્તારમાં આખલા, શ્વાનનો આતંક

# જશવંતગઢમાં શ્વાને બચકા ભરતાં બાળકીનું મોત

**અન્ય એક બાળકને પણ બચકા ભરતા તેને સારવારમાં ખસેડવામાં આવ્યો**

**ચિતલનાં ધારવાડી વિસ્તારમાં એક બાળક અને એક પ્રૌઢને બચકા ભર્યા**

**ગ્રામ્ય વિસ્તારમાં હિંસક બનેલ શ્વાનથી ગામજનોમાં ફફડાટ**

**સ્થાનિક ગ્રામ પંચાયત સરપંચે પશુપાલન વિભાગને ગંભીર રજુઆત કરી**

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લાનાં ગીરકાંઠાનાં ગામોમાં સિંહ અને દીપડા જેવા હિંસક પ્રાણીઓથી ફફડાટ જોવા મળી રહ્યો છે. તો ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રખડુ શ્વાન અને આખલાનો આતંક વધતાં નાગરિકો ચિંતામય બન્યાછે.

દરમિયાનમાં આજે વ્હેલી સવારે ૮ વાગ્યે જશવંતગઢ –રીકડીયાની સીમમાં ભાવેશ મધુભાઈ ગજેરાની વાડીમાં મધ્યપ્રદેશનો આદીવાસી ખેત મજૂર પરિવારનું દોઢ થી બે વર્ષની બાળકી આંગણામાં રમી રહી હતી. ત્યાં બેથી વધારે શ્વાનોએ બચકા ભરી ગંભીર રીતે ઘાયલ કરતા પહેલા ૧૦૮ મારફત અમરેલી સિવિલમાં ખસેડાયેલ જયાં ફરજ પરના ડોકટરે તેને મૃત જાહેર કરેલ. જયારે જશવંતગઢ ગામનાં કાંગસીયા પ્લોટ વિસ્તારમાં મુકેશ કાળુભાઈ ચૌહાણ (ઉ.વ. ૪) ગઈકાલે પોતાના ઘર પાસે રમતો હતો ત્યારે હિંસક શ્વાને ખેંચી જઈને ગંભીર રીતે ઘાયલ કરેલ અને તેને ૧૦૮ મારફતે અમરેલી અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ દવાખાને ખસેડાયેલ છે. જયારે ચિતલ ગામની ધારવાડીમાં રહેતા મુકેશ મનસુખભાઈ લીબાસીયાનાં ત્રણ વર્ષનાં બાળકને તથા મગનભાઈ લીંબાસીયા (ઉ.વ. ૫૦)ને પણ હડકાયા શ્વાને બે દિવસ પહેલા બચકા ભરેલ છે. બે વર્ષ પહેલાથી પણ આ સિઝન ઋતુમાં શ્વાનો હિંસક બની રહ્યા છે તેની ગંભીર રજુઆતો જશવંતગઢના સરપંચ અશોક માંગરોળીયાએ મામલતદાર, ફોરેસ્ટ વિભાગ તેમજ પશુ નિયામકને તત્કાલ પગલા લેવા કરેલ છે.

**ચોમાસાના દિવસોમાં વધુ એક ઉપાધિ**

## સાવરકુંડલા : આંબરડી ગામે અચાનક વીજળીનો તાર પડતા કિંમતી ભેંસનું મોત

**ભેંસની પાછળ રહેલ માલધારીનો ચમત્કારીક બચાવ**

આંબરડી, તા. ૩

હાલ વરસાદની મૌસમ ચાલી રહી છે લોકો આવી સીઝનમાં વીજ કરંટથી સાબદા રહેતા હોય છે, પરંતુ અબોલ જીવ વીજ કરંટથી બચવા માટે કુદરતના ભરોસે હોય છે, ચાલતા પ્રાણી ઉપર એકાએક વીજ તાર તૂટી અને મોત થાય તે બનાવ કંપારી છૂટી જાય તેવો હોય છે.

આવો જ એક કિસ્સો સાવરકુંડલાના આંબરડી ગામે બન્યો છે. નિત્યક્રમ મુજબ ગામના માલધારી ખાડું ( ભેંસનું ટોળું ) લઈને ગામના સીમ વિસ્તારમાં ચરાવવા માટે લઈને ગયા હતા અને પરત ફરતી વેળાએ સાંજના ૬ કલાક આસપાસ ધાતરવડી નદીના કાંઠા પાસેથી


તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

અનુસંધાન પાના ૬ ઉપર

**સ્વચ્છતા અભિમાન માત્ર ફોટો સેશન માટે જ કરાયુ ?**

## જાફરાબાદમાં ઠેકઠેકાણે ગંદકીનાં ગંજ ખડકાતાં રોગચાળાનો ગંભીર ખતરો : પાલિકા કુંભકર્ણની નિંદ્રામાં

**શહેરીજનો વિવિધ કરવેરા નિયમિત ભરે છતાં સુવિધા શૂન્ય**



જાફરાબાદ, તા. ૩

જાફરાબાદ પાલિકા દ્વારા સ્વચ્છતાહી સેવા અભિયાનનું ફોટોસેશન કરી ઉચ્ચ અધિકારીઓને ઉલ્ટા ચશ્મા પહેરાવી રહ્યા હોય અને ફેસબુક ઉપર સોશિયલ મીડિયામાં ફોટા પાડી કામગીરી નુ દેખાવ કરી રહ્યા છે પરંતુ વાસ્તવિકતા કહી અલગ છે. જાફરાબાદના સામાકાંઠા તલાવડી વિસ્તાર કે જયાં મોટી સંખ્યામાં રાહદારીઓ વિદ્યાર્થીઓ મહિલાઓ સિનિયર સિટીઝન તથા ટુ વ્હીલર ચાલકો મોટી સંખ્યામાં અવરજવર રહેતી હોય અને ભીડભાડ વાળો રસ્તો હોય આ આરસીસી રોડ નવો નક્કોર બન્યો પરંતુ પાણી નો નિકાલ માટેનું કોઈ પણ જાતનુ

અનુસંધાન પાના ૬ ઉપર

**છેલ્લા એક અઠવાડીયાથી દરરોજ વરસાદી ઝાપટા બાદ**

## બાબરામાં સવારથી સાંજ સુધીમાં ધીમીધારે ૧ ઈંચ વરસાદથી ખેતરોમાં પાણી ભરાઈ ગયા

**હવે ગ્રામ્ય વિસ્તારમાં ખેડુતો વરાપની રાહ જોઈ રહ્યા છે**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩

બાબરામાં સવારથી સાંજ સુધીમાં ધીમી ધારે એક ઈંચ વરસાદ પડયો તાલુકામાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ સારો વરસાદ પડી ગયો ખેતરમાં પાણી ભરાયા તાલુકામાં સતત વરસાદથી હવે ખેડૂતો વરાપની રાહમાં બાબરામાં આમ એક સપ્તાહથી દરરોજ વરસાદના ઝાપટા પડી રહ્યા છે આજે સવારથી સાંજ સુધીમાં એક ઈંચ જેટલો ધીમી ધારે વરસાદ પડી ગયો હતો તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સતત એક ઈંચ જેટલો વરસાદ પડયો હતો ખેતરમાં પાણી ભરાય ગયા છે સતત વરસાદના કારણે હાલ ખેડૂતોને મુલાતમાં ખૂબ ફાયદો છે પણ વરાપ નહિ નીકળતા ખેડૂતો મુંજાય પણ રહ્યા છે જો હવે થોડા દિવસ વરાપ નીકળે અને સૂર્ય દેવ દર્શન આપે તો પાકને બમણો ફાયદો થાય અને વાડી ખેતરમાં અન્ય ખેતી કામ કરી શકાય હાલ સતત વરસાદના કારણે ખેડૂતો વાડી કે ખેતરમાં પાણી હોવાથી ખેતરે જઈ શકતા નથી અને ખેતી કામ કરી શકતા નથી.

**જિલ્લા મેજીસ્ટ્રેટના વોરંટના આધારે**

## સાવરકુંડલાના ઈસમની પાસા હેઠળ અટકાયત કરી સુરત જેલમાં ધકેલી દેવાયો

**એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી**

અમરેલી, તા. ૩

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં દારૂનું ગેરકાયદેસર વેચાણ, હેર–ફેર, ઉત્પાદન અને સંગ્રહની ગેરકાયદે પ્રવૃતિ કરતાં પ્રોહીબીશન બુટલેગર ઈસમો તથા પ્રોહિબીશનના ગુન્હાઓ કરવાની ટેવ વાળા ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને, તે માટે આવી શખ્સો સામે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું.



જે અન્વયે અમરેલી એલસીબી પો.ઈન્સ. વી.એમ. કોલાદરાએ ગેરકાયદેસર પ્રોહીબિશનની પ્રવૃતિ કરતા સાવરકુંડલા ગામે કાપેલધાર વિસ્તારમાં રહેતા શિલ્પેશ ઉર્ફે શિલ્પો બાલુભાઈ વાળા નામના ઈસમ વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં

અનુસંધાન પાના ૬ ઉપર

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
87,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૩/૦૭/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ
મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ
એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
Mo.8000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

## કરોડો રૂપિયાની જીએસટી સહિતની આવક હોવા છતાં પણ

# હે રામ : રાજુલામાં આંગણવાડીનાં ૧ વર્ષનાં મકાન ભાડા બાકી

**મકાન માલીકે મકાન ખાલી કરવાની ચીમકી આપતાં વર્કરો પરેશાન**

**આંગણવાડી માટે ગેસ સીલીન્ડરની રકમ ચુકવવામાં પણ થાય છે ઠાગાઠૈયા**

**રૂપિયા ૧૦ હજારનું મામુલી વેતન મેળવતી આંગણવાડી વર્કરો પણ આર્થિક સંકડામણમાં**

**જિલ્લા કક્ષાએથી જવાબ મળે છે કે રાજય સરકારમાંથી ગ્રાન્ટ આવે પછી થશે રકમની ફાળવણી**

રાજુલા, તા. ૩

એક તરફ કેન્દ્ર સરકાર ફાઈવ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી થાવુ–થાવુ થઈ રહી છે તેવું કહી રહી છે અને દર વર્ષે સરકારની તિજોરીમાં ૨૨ થી ૨૪ લાખ કરોડ જેવી અધધ રકમ જમા થાય છે. આવકવેરો, એકસાઈઝ, કોર્પોરેટ ટેક્ષ સહિત કેન્દ્ર સરકારને દર વર્ષે ૪૫ લાખ કરોડ આસપાસની આવક થાય છે તો રાજય સરકારનું બજેટ પણ ૨ લાખ કરોડ કરતાં વધારે હોવા છતાં નાના ભુલકાઓને આંગણવાડી કેન્દ્રમાં જરૂરી સુવિધાઓ મળતી ન હોવાની ફરિયાદ ઉભી થઈ છે.

ગુજરાત સરકાર ધ્વારા વારંવાર કહેવામાં આવે છે મહિલા


તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

સન્માનને મહિલા રોજગારની વાત કરે છે ત્યારે રાજુલામાં આંગણવાડીમાં નાના બાળકોના પાયાનો વિકાસ થાય છે તે આંગણવાડી પ્રાઈવેટ ભાડાના મકાનમાં ચાલે છે તે મકાનના ભાડા હજુ સુધી થયા નથી. તેનો સમયગાળો ૧૨ માસ (જુલાઈ ૨૦૨૪ થી મે ૨૦૨૫) જેટલો થવા આવ્યો છે. આ બાબતે કાર્યકર બહેનો દ્વારા વારંવાર લેખિત તેમજ મૌખિક આઈસીડીએસ વિભાગમાં રજૂઆત કરેલ છે, તેમ છતાં આજદિન સુધી તંત્ર દ્વારા યોગ્ય જવાબ મળેલ નથી. તેમના ધ્વારા વારંવાર એવું કહેવામાં આવે છે કે જિલ્લામાંથી ગ્રાન્ટ આવેલ નથી એટલે નથી ચુકવતા. ત્યારે આ બાબતે આ બહેનો દ્વારા જિલ્લાની ઓફિસમાં પૂછતા ત્યાંથી પણ એવો જ જવાબ મળેલ કે રાજયમાંથી ગ્રાન્ટ આવેલ નથી જયારે રાજયમાંથી ગ્રાન્ટ આવશે તો ચૂકવણી કરવામાં આવશે. ત્યારે હાલની સ્થતિ એવી છે કે મકાન માલિક દ્વારા ભાડા માટે વારંવાર દબાણ કરે છે અને મકાન ખાલી કરવાનું કહે છે. કયારે આંગણવાડી બહેનોનો પગાર માત્ર દસ હજાર રૂપિયા હોય જે પગારમાં ઘર માંડ ચલાવતા હોય. ત્યારે આવી કપરી પરિસ્થિતિમાં આંગણવાડી ચલાવવી અઘરૂં છે. તો આ ભાડાની રકમ વહેલી તકે મળે તેવી માંગ બહેનો દ્વારા કરવામાં આવી છે. ત્યારે તંત્ર દ્વારા ભાડાની રકમ તો આપવામાં આવતી નથી પરંતુ બાળકોને નાસ્તો અને જમાડવા માટે જે ગેસના બાટલાના પૈસા આપવાના હોય છે તે પણ તંત્ર દ્વારા આપવામાં આવતા નથી. ત્યારે આ બહેનો દ્વારા પોતાના પૈસા રોકી અને ગેસનો બાટલો ખરીદી કરવામાં આવે છે. ત્યારે જો આ ભાડાની રકમ અને વિવિધ માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો બહેનોને ના છૂટકે આંગણવાડી કેન્દ્રો બંધ કરવા પડશે કેમકે મકાન માલિકને ભાડું ચૂકવવું કયાંથી?

ત્યારે આ બાબતે રાજુલાના ધારાસભ્ય દ્વારા આ બહેનોને તાત્કાલિક વહેલી તકે યોગ્ય કરી આપવાની ખાતરી આપવામાં આવી છે.

## સાવરકુંડલામાં 'સાઈબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ' યોજાયો

સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલા પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા તા. ૨ જુલાઈ, ૨૦૨૫ના રોજ કે.કે. હાઈસ્કુલ, સાવરકુંડલા ખાતે 'સાઈબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ'નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં પોલીસ ડિપાર્ટમેન્ટમાંથી પીએસઆઈ આર.આર. ગલચર સાહેબ, એમ.જી. ચાવડા, જી.એસ. રાજપુરા તેમજ પી.એચ. ધમલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના શિક્ષક રફિકભાઈ ભોરણીયાએ પ્રારંભિક માહિતી આપીને પોલીસ કર્મચારીગણને શબ્દોથી આવકાર્યા હતા. પ્રસ્તૃત કાર્યક્રમમાં પીએસઆઈ ગલચર સાહેબ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ્ય વિદ્યાર્થીઓને સાઈબર ક્રાઈમથી બચવા અને સાઈબર સુરક્ષા પ્રત્યે જાગૃત કરવાનો હતો. આ કાર્યક્રમમાં પોલીસ અધિકારીઓએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને સાઈબર ક્રાઈમના વિવિધ પ્રકારો, જેમ કે ફિશિંગ, ઓનલાઈન છેતરપિંડી, સોશ્યલ મીડિયા દ્વારા થતી છેતરપીંડી અને ડેટાની સુરક્ષા જેવા મહત્વપૂર્ણ વિષયો પર વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે સાઈબર હુમલાઓથી બચવા માટેની સાવચેતીઓ અને સુરક્ષિત ઈન્ટરનેટનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે






વ્યવહારૂ માર્ગદર્શન પુરૂ પાડયુ હતું. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને ઈન્ટરનેટનો સુરક્ષિત અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ તેમને કોઈપણ શંકાસ્પદ પ્રવૃતિ જણાય તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવા અથવા સાઈબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર પર જાણ કરવા અપીલ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં કે.કે. હાઈસ્કુલના એનએસએસ યુનિટના પ્રોગ્રામ ઓફિસર રફિકભાઈ ભોરણિયાએ પોલીસ ડિપાર્ટમેન્ટનો આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમની સમગ્ર વ્યવસ્થા શાળાના સિનિયર શિક્ષક ખડદીયા સાહેબે તેમજ અન્ય સ્ટાફગણે સંભાળી હતી. શાળાના આચાર્ય ચેતનભાઈ ગુજરીયાના માર્ગદર્શન હેઠળ અને સમગ્ર સ્ટાફના સહયોગથી કાર્યક્રમ સફળ રીતે પૂર્ણ થયો હતો.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### એએસપીના અધ્યક્ષ સ્થાને
## બગસરા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ
**ટ્રાફિક સહિતનાં પ્રશ્નોની રજુઆત**


તસ્વીર : સમીર વિરાણી–બગસરા



બગસરા, તા. ૩

બગસરામાં આવનારા તહેવાર જેવા કે મોહરમને અનુલક્ષીને લોકોમાં શાંતિભાઈની ભાવના બની રહે અને તહેવાર શાંતિથી ઉજવવામાં આવે તે માટે હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનોને બોલાવી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. બગસરા પોલીસ સ્ટેશનમાં એએસપી જયવીર ગઢવીના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની મીટીંગનું મોહરમ પર્વ નિમિત્તે આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રાફિક સમસ્યાના મુદ્દા રૂટ સહિત વિવિધ મોહરમ પર્વને અનુલક્ષીને ચર્ચાઓ કરવામાં આવી હતી. તેમજ આ મીટીંગ બગસરા પોલીસ સ્ટેશનના પીઆઈ પીએસઆઈ હાજર રહ્યા હતા.

## અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિ બેઠક ૧૯ જુલાઈએ યોજાશે

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને અને જનપ્રતિનિધીઓની ઉપસ્થિતિમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાશે.

તા. ૧૯ જુલાઈ, ૨૦૨૫ને બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યે જિલ્લા સેવાસદન (કલેકટર કચેરી) ખાતે યોજાનાર આ બેઠકમાં લોક પ્રતિનિધીઓ અને અધિકારીઓ સાથે નાગરિકોના પ્રશ્નોની ચર્ચા થશે.

નિકાલ બાકી હોય તેવા કાગળ, અવેઈટ અને બાકી પેન્શન કેસ, વસૂલાત, નાગરિક અધિકાર પત્ર તળેની અરજીઓ, રજૂઆતોના નિકાલ અને વિવિધ અરજીઓ માટે કરવાની કાર્યવાહીની ચર્ચા અને સમીક્ષા સહિતની બાબતોને સંકલન સમિતિમાં આવરી લેવામાં આવશે, તેમ અમરેલી જિલ્લા કલેકટર કચેરીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## સાવરકુંડલા : શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં ગાયનેકોલોજી વિભાગની અનોખી સિધ્ધિ

સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા શહેરમાં આરોગ્ય ક્ષેત્રે અનોખી ઓળખ પ્રસ્થાપિત કરતી શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે આવેલ ગાયનેકોલોજી વિભાગમાં ૨૪ કલાકમાં ૯ નવજાત શિશુની પ્રસુતિ કરાવવા આવી આ વિભાગમાં ડો. વંદિતા સલાટ તથા ડો. હેતવી કળથીયાના અથાગ પ્રયત્નોનું પરિણામ સ્વરૂપ અહીં ગાયનેકોલોજી વિભાગમાં



અનેક માતાઓ માતૃત્વ ધારણ કરી હોંશે હોંશે સસ્મિત પોતાના ઘરે જાય છે. આમ પણ માતૃત્વ ધારણ કરી શિશુને જન્મ આપવાનો એક અનોખો અહેસાસ હોય છે. આજની મોંઘીદાટ મેડિકલ સુવિધાઓમાં આ હોસ્પિટલમાં ઉપલબ્ધ તમામ મેડિકલ સુવિધાઓ દર્દીઓને વિનામૂલ્યે પ્રદાન કરવામાં આવે છે. આ ઉપરાંત ઉપલબ્ધ તમામ પ્રકારના લેબોરેટરી ટેસ્ટ પણ એક પણ પાય લીધા વગર કરવામાં આવે છે. આ ઉપરાંત અહીં સારવાર અર્થે દાખલ થયેલા દર્દીઓને અને સાથે આવેલ સ્નેહીને પણ નિશુલ્ક સાત્વિક ભોજન આપવામાં આવે છે. પૂ. મોરારીબાપુના આશીર્વાદ સાથે આ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો પ્રકાશ કટારીયા તથા અશોકભાઈ ડાભી અમિતભાઈ જોષી સમેત તમામ મેડિકલ નોન મેડિકલ કર્મચારીગણ દર્દીઓની સારવાર શ્રેષ્ઠતમ રીતે થાય તે માટે સતત પ્રતિબદ્ધતા દાખવી રહ્યા છે. સંસ્થાના પ્રમુખ હરેશભાઈ મહેતા મંત્રી દિવ્યકાંતભાઈ સૂચક સહમંત્રી ભરતભાઈ જોષી સમેત તમામ ટ્રસ્ટીગણ આ સંસ્થાની અવિરત પ્રગતિ માટે સતત પ્રયત્નશીલ રહે છે. અહીંની તમામ મેડિકલ સુવિધા કોર્પોરેટ હોસ્પિટલોને ટક્કર આપે તેવી છે. શ્રેષ્ઠ નિદાન સારવાર એ પણ નિશુલ્ક એ આ હોસ્પિટલ સર્વોત્તમ જમા પાસું છે

## સાવરકુંડલા : નાગરિક સહકારી બેન્ક દ્વારા મૃત્યુ સહાય અંતર્ગત ચેક અર્પણ





સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલા નાગરિક સહકારી બેંક દ્વારા સભાસદ વીમા યોજના અંતર્ગત સાવરકુંડલાના મહેશભાઈ કારેલીયાનું દુઃખદ અવસાન અકસ્માતે થયેલ તેમને અકસ્માત વીમા યોજનામાંથી એક લાખ રૂપિયાનો ચેક આજે સાવરકુંડલા નાગરિક સહકારી બેંકે કરેલ જેમાં ચેરમેન પ્રવીણભાઈ સાવજ, એમડી પરાગભાઈ ત્રિવેદી, વાઈસ ચેરમેન ભરતભાઈ મનસેતા તથા ડિરેકટર કનુભાઈ ડોડીયા, ધર્મેન્દ્રભાઈ ચૌહાણ, બેંકના મેનેજર હરેશભાઈ સહિતના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા આજે ચેક અર્પણ કરેલ.

# અમરેલી : અમર ડેરી ખાતે ખેડૂત મહિલા પશુપાલકનો શૈક્ષણિક સેમિનાર યોજાયો


















આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ અને સહકાર સપ્તાહ ઉજવણીના ત્રીજા દિવસે, આંતરરાષ્ટ્રીય સહકારિત વર્ષ ૨૦૨૫ અને ભારત સરકારમાં સહકાર મંત્રાલયના ચોથા સ્થાપના દિવસ નિમિત્તે શૈક્ષણિક સેમિનાર અને પ્રકૃતિ વંદના કરીને વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રકૃતિ વંદના કાર્યક્રમમાં વડેરા સહકારી દૂધ ઉત્પાદક મંડળીના પ્રમુખ પ્રવિણભાઈ માંગરોળીયા, પુર્વ તાલુકા સદસ્ય દેવચંદભાઈ માંગરોળીયા સહિત ઉપસ્થિત રહીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક સેમિનારમાં દૂધ ભરતા મહિલા સભાસદોને સ્વચ્છ અને વધુ દૂધ ઉત્પાદન માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને સાથે દૂધ મંડળીના ગામમાં રાત્રી સભાઓ કરી સ્વચ્છ દૂધ ઉત્પાદકતા વધારવા માટે, વૈજ્ઞાનિક પધ્ધતિએ પશુપાલન કરવા ખોરાક, માવજત અને સંવર્ધન વિશે પ્રેઝન્ટેશન દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોમાં અમર ડેરીનાં એમ.ડી. ડો.આર.એસ. પટેલ, જી.એમ. ડી.આર. રામાણી, અમુલ ફેડરેશનના અધિકારી ડો. ચાવડા, અપૂર્વ સુથાર સહિત વિભાગીય અધિકારીઓ, સહકારી દૂધ મંડળીના પ્રમુખ મંત્રીઓ સહિત દૂધ મંડળીના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## નાયબ દંડક કૌશિક વેકિરયાએ યાર્ડનાં ડાયરકેટર પી.પી. સોજીત્રા સાથે મુલાકાત લીધી

# અમરેલીનાં નવા માર્કેટયાર્ડમાં વધુમાં વધુ સુવિધા ઉભી કરાશે

**રૂપિયા ૨૦ કરોડ કરતાં વધારે રકમથી નવા માર્કેટયાર્ડનું વિસ્તૃતીકરણ કરાશે**

**સ્ટોરેજ શેડ, સીસી રોડ, પ્રોટેક્શન વોલ, વે બ્રિજ પણ તૈયાર થશે**

**સમગ્ર સૌરાષ્ટ્રમાં અગ્રગણ્ય નવા માર્કેટયાર્ડમાં સૌથી વધારે સુવિધા ઉભી કરાશે**

**નાયબ દંડકે ૫ કરોડની ગ્રાન્ટ ફાળવી હોય જરૂર પડે તો વધારે રકમ ફાળવવાની પણ તૈયારી**



અમરેલી, તા. ૩

અમરેલીમાં હાલ સાવરકુંડલા રોડ ખાતે બનેલ અધ્યતન માર્કેટિંગયાર્ડ ૮૦વિઘાજગ્યામાંકાર્યરત છે. લાલ સુકા મરચા તેમજ આવનાર સમયમાંડુંગળીતેમજલસણનીહરરાજી સહિત દિવસેને દિવસે ખેત જણસોની આવકો વધતી હોય અને ખેડૂતોને કોઈ અગવડ ના પડે તેથી નવી ખરીદી થયેલ ૪૦ વીઘા જગ્યામાં અંદાજિત ૨૦ કરોડથી વધુ રકમના ખર્ચે તૈયાર થનાર સ્ટોરેજ શેડ, આરસીસી રોડ, પ્રોટેકશન વોલ, વે બ્રિજ, ટોયલેટ બ્લોક, ફાયર સેફટી સહિત જરૂરી માળખાકીય સુવિધાઓવિકસાવવાનીકામગીરીહાલ પ્રગતિ હેઠળ છે. સદરહુ કામગીરી માટે અમરેલીનાધારાસભ્ય કૌશિકવેકરીયા દ્વારા તાજેતરમાં જ પાંચ કરોડ જેવી માતબર રકમની ફાળવણી કરવામાં આવેલ છે. ઉપરોકત સુવિધાઓની કામગીરીને ધ્યાને લઈ આજરોજ અમરેલી યાર્ડના સ્વપ્નદ્રષ્ટા પી.પી. સોજીત્રા સાથે કૌશિક વેકરીયા દ્વારા યાર્ડની મુલાકાત કરવામાં આવેલ હતી અનેપ્રગતિહેઠળનાકામોબાબતેજરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી. સાથે જ ધારાસભ્યદ્વારાનવાબનીરહેલાવિકાસ કાર્યો બાબતે ભવિષ્યમાં યાર્ડને જરૂરી તમામમદદકરવાખાતરીઆપીહતી. આ પ્રસંગે યાર્ડના અન્ય ડાયરેકટરો તેમજ સ્થાનિક પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

## નેશનલ મિશન ઓન એડિબલ ઓઇલ અને ઓઇલ પામ યોજના અન્વયે સહાય મેળવવા બાગાયત કચેરીનો સંપર્ક કરવો

અમરેલી, તા. ૩

નેશનલ મિશન ઓન એડિબલ ઓઈલ અને ઓઈલ પામ યોજના અન્વયેખેડૂતોનેઓઈલપામના વાવેતરમાં સહાય મળે છે. આ યોજના અંતર્ગતઅમરેલીજિલ્લાનોસમાવેશથયો છે. ગુજરાતરાજયસરકારનાબાગાયત વિભાગતેનુંઅમલીકરણથાયછે.

પામોલિન ઓઈલ એ પામ નામનાઝાડમાંથીમળેછે.ફરસાણ, પેકેટ ફૂડ તથા વિવિધ ખાદ્ય બનાવટોમાં આ તેલનો ઉપયોગ થાય છે. તેમાં બનાવેલ ફૂડ પ્રોડક્ટ લાંબા સમય સુધી બગડતી નથી, તે આ તેલની ખાસિયત છે. પ્રવર્તમાન સમયે બજારમાં આ તેલની માંગવધારે છે.

આપણા દેશમાંહાલમાંઆ તેલ અન્ય દેશોમાંથી આયાત કરવામાં આવે છે જેના કારણેઆપણે વધુ વિદેશી હુંડિયામણનો ખર્ચ કરવો પડે છે અને ખરેખર તેનોલાભખેડૂતોનેમળીશકેતેવા પ્રયાસનાભાગરૂપેસહાયયોજનાઅમલી છે. ઓઈલપામએએકરદીઠઘણીસારી આવકઆપતોપાકછે.

ખેડૂતોનેઆપાકનાવાવેતર માટેસરકારદ્વારાઅમરેલીજિલ્લામાંપ્રિ – યુનિક કંપનીને માન્યતા છે. પાકના વાવેતર માટેખેડૂતોનેપ્રતિહેકટરપ્રથમ વર્ષેરૂ.૨૯,૦૦૦તથાબાકીનાચારવર્ષ (વર્ષમાટે) રૂ.૧૦,૫૦૦છેજેપ્રતિવર્ષ આંતરપાક તથા નિભાવણી ખર્ચ પેટે સહાયરહેશે.

આ યોજનાનો લાભ લેવા ઈચ્છુક ખેડૂતોએ વધુ વિગતો માટે પ્રિ – યુનિકકંપનીનામો.૯૧૫૪૧૯૭૯૭૫ અથવા નાયબ બાગાયત નિયામક, જિલ્લાબાગાયતકચેરી, ચક્કરગઢ રોડ, અમરેલીનો સંપર્ક (૦૨૭૯૨) ૨૨૩૮૪૪ અથવા રૂબરૂ સંપર્ક કરવો તેમ અમરેલી જિલ્લા નાયબ બાગાયત નિયામકે એકયાદીમાં અનુરોધ કર્યો છે.

## જિલ્લા ભારતીય કિસાન સંઘ દ્વારા અમરેલીના જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષકનું સન્માન

**કિસાન સંઘનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં**



અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લા ભારતીય કિસાન સંઘ દ્વારા જિલ્લાના કલેકટર વિકલ્પ ભારદ્વાજ તેમજ અમરેલી જિલ્લાના એસ.પી. સંજય ખરાટની શુભેરછા મુલાકાત તેમજ સન્માન ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશના ઉપપ્રમુખ ધીરૂભાઈ ધાખડા, જીલ્લા પ્રમુખ,સામતભાઈ જેબલિયા,જિલ્લા મંત્રી વિનુભાઈ દુધાત, જીલ્લા પ્રચાર પ્રમુખ બિમલભાઈ કાછડીયા, ભાનુભાઈ પાનસુરીયાબાબરાતાલુકાપ્રમુખ, તેમજ હસુભાઈ ભડકણદ્વારા કરવામાં આવ્યું.

## સાવરકુંડલા : હાઈસ્કુલ ખાતે માનાંક લેખન પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું



સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલા ખાતે આવેલા નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી મોદી હાઈસ્કૂલ સાવરકુંડલામાં ભારતીય માનાંકબ્યુરો (BIS), રાજકોટ સંસ્થાના માર્ગદર્શન હેઠળ સ્ટાન્ડર્ડ કલબ ધ્વારા 'માનાંક લેખન પ્રતિયોગિતા'નું સફળ આયોજન કરવામાંઆવ્યુંહતું. આ સ્પર્ધા અંતર્ગતવિદ્યાર્થીઓએ 'પીવાનાપાણીની પેકેજીંગબોટલમાટેનાંસ્ટાન્ડર્ડ' વિષય પર પોતાની વિચારો લેખન રૂપે રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓને BIS ધ્વારા નક્કી કરાયેલા ગુણવત્તા ધોરણો અંગે માહિતગાર થવાનો અવસર મળ્યો હતો. પ્રોગ્રામની શરૂઆત દીપ પ્રાગટય ધ્વારા કરવામાં આવી. આ પ્રસંગે જે.વી મોદી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ જીતુભાઈ ભટ્ટે ખાસ આમંત્રણ સ્વીકારી પધારેલા BIS, રાજકોટના અધિકારી પુનિત નથવાણીનું પુસ્તક આપીને સન્માન કર્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્યએ BISના SPO અમનસિંહનો કાર્યક્રમ માટે વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. સ્ટાન્ડર્ડ કલબના મેન્ટર નીતિન સાવજ તથા વિજ્ઞાન વિભાગના શિક્ષક હરેશભાઈ ગુજરાતી ધ્વારા સમગ્ર પ્રવૃત્તિનું આયોજન અને સંકલન કરવામાં આવ્યું હતું. બંને શિક્ષકોના યોગદાનની પ્રશંસા કરતા નુતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન કામદાર મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ મહેતા, વિનુભાઈ રાવળ તથા શાળાના આચાર્ય જીતુભાઈ ભટ્ટે શુભેચ્છાઓ પાઠવી હતી. વિદ્યાર્થીઓમાં ગુણવત્તા જાગૃતિ અને માનાંક પ્રણાલીઓ પ્રત્યે રસ જગાડતી આવી પ્રવૃત્તિઓ શિક્ષણક્ષેત્ર માટે મોખરાનું પગથિયું સાબિત થઈ રહી છે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ખુશ ખબર ખુશ ખબર ખુશ ખબર
સારા સમાચાર TATA AIA LIFE INSURANCE સારા સમાચાર
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦










જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ■ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫



### આદિત્ય ઠાકરેને મોટી રાહત મળી

# આદિત્ય ઠાકરેને દિશા સાલિયાન મૃત્યું કેસમાં મળી કલીનચીટ

### મહારાષ્ટ્ર સરકારના વકીલોએ બોમ્બે હાઈકોર્ટમાં સ્પષ્ટ કર્યું કે દિશા સાલિયાનના મૃત્યુના કેસમાં કોઈ શંકાસ્પદ માહિતી નથી, આ આત્મહત્યાનો કેસ છે

મુંબઈ, તા.૩

મહારાષ્ટ્ર સરકારના વકીલોએ બોમ્બે હાઈકોર્ટમાં સ્પષ્ટ કર્યું કે દિશા સાલિયાનના મૃત્યુના કેસમાં કોઈ શંકાસ્પદ માહિતી નથી. આ આત્મહત્યાનો કેસ છે. ફિલ્મ અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની ભૂતપૂર્વ મેનેજર દિશા સાલિયાનનું ૯ જૂન, ૨૦૨૦ ના રોજ મલાડમાં એક ઈમારતના ૧૨મા માળેથી પડી જવાથી મૃત્યુ થયું હતું. દિશા સાલિયાનના પિતાએ આ સંદર્ભમાં બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી અને માંગ કરી હતી કે આ કેસની તપાસ મુંબઈ પોલીસની SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) અથવા CBI દ્વારા કરવામાં આવે. હવે મહારાષ્ટ્ર સરકારે બોમ્બે હાઈકોર્ટને જણાવ્યું હતું કે દિશા સાલિયાન (૨૮) ના મૃત્યુમાં કોઈપણ પ્રકારની શંકાને અવકાશ નથી. આ ઉપરાંત, આદિત્ય ઠાકરે પણ નિર્દોષ છે.દિશાના પિતા કહે છે કે તેમની પુત્રી પર ક્રૂરતાપૂર્વક બળાત્કાર કરવામાં આવ્યો હતો અને પછી તેની હત્યા કરવામાં આવી હતી અને તેને રાજકીય રીતે દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બળાત્કાર અને હત્યામાં આદિત્ય ઠાકરેની પણ ભૂમિકા છે, તેથી તેમની સામે પણ FIR નોંધવી જોઈએ.

રાજ્ય સરકાર વતી, માલવણી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર શૈલેન્દ્ર નાગરકરે જવાબ દાખલ કર્યો. તેમણે કહ્યું કે અરજીમાં લગાવવામાં આવેલા આરોપો પાયાવિહોણા અને ખોટા છે. તેમણે જણાવ્યું કે વૈજ્ઞાનિક તપાસ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટના આધારે ક્લોઝર રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો છે.

તમને જણાવી દઈએ કે દિશા સાલિયાનના રહસ્યમય મૃત્યુનો મામલો હાઈ-પ્રોફાઈલ અને વિવાદાસ્પદ છે. આ મામલો ૨૦૨૨માં મહારાષ્ટ્ર વિધાનસભામાં પણ ઉઠાવવામાં આવ્યો હતો. શિવસેના (શિંદે જૂથ)ના ધારાસભ્ય ભરત ગોગાવલે અને ભાજપના ધારાસભ્ય નિતેશ રાણેએ દિશા સાલિયાનના મૃત્યુનો મુદ્દો ઉઠાવ્યો હતો અને તપાસની માંગણી કરી હતી. આ અંગે ગૃહમાં ધારાસભ્યોનો ઘણો હોબાળો થયો હતો. આ કેસમાં, નિતેશ રાણેએ આદિત્ય ઠાકરેનો નાર્કો ટેસ્ટ કરાવવાની વાત પણ કરી હતી. વાસ્તવમાં, દિશા સાલિયાન એક સેલિબ્રિટી મેનેજર હતી. તેણીએ વરુણ શર્મા, સુશાંત સિંહ રાજપૂત, ભારતી સિંહ જેવા ઘણા પ્રખ્યાત કલાકારો સાથે કામ કર્યું હતું. તે ટીવી અભિનેતા રોહન રાયને ડેટ કરી રહી હતી અને તેના મૃત્યુના થોડા મહિના પહેલા તેની સગાઈ પણ થઈ હતી. ૮ જૂન ૨૦૨૦ એ તારીખ છે જ્યારે દિશા સાલિયાનનું મુંબઈના મલાડમાં એક ઈમારતના ૧૪મા માળેથી પડીને કથિત રીતે મૃત્યુ થયું હતું. તેના મૃત્યુના થોડા દિવસો પછી, ૧૪ જૂને, સુશાંત સિંહ રાજપૂતના મૃત્યુનો મામલો પણ પ્રકાશમાં આવ્યો. આવી સ્થિતિમાં, બંને કેસ જોડાયેલા હતા. કેસની તપાસ કરી રહેલી મુંબઈ પોલીસે તેના ક્લોઝર રિપોર્ટમાં દિશા સાલિયાનના મૃત્યુને આત્મહત્યા ગણાવી હતી. પોલીસે કહ્યું હતું કે તે ઘણા કારણોસર ડિપ્રેશનથી પીડાતી હતી, જેના કારણે તેણે આત્મહત્યા કરી હતી.

મહારાષ્ટ્ર વિકાસ અઘાડીએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને મહાયુતિના અન્ય નેતાઓને આદિત્ય ઠાકરેની માફી માગવા કહ્યું છે. શિવસેના (યુબીટી)ના પ્રવક્તા સંજય રાઉતે પણ નિવેદન આપ્યું છે કે, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે અને નિતિશ રાણે સહિત તમામે આદિત્ય ઠાકરેની માફી માગવી જોઈએ. ઉલ્લેખનીય છે, દિશા સાલિયાન કેસમાં આદિત્ય ઠાકરેની સંડોવણી હોવાનો મુદ્દો ભાજપ અને તેના મહારાષ્ટ્ર ગઠબંધને જોરશોરથી ઉઠાવ્યો હતો. તેમણે ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરે પર અનેક આક્ષેપો કર્યા હતાં.

સુશાંત સિંહ રાજપૂતની પૂર્વ મેનેજર દિશા સાલિયાને ૯ જૂનના રોજ પોતાના મલાડ સ્થિત ઘરની બિલ્ડિંગમાંથી છલાંગ લગાવી આપઘાત કર્યો હતો. તેના થોડા દિવસ બાદ જ સુશાંત સિંહે પણ આપઘાત કરી લીધો હતો. તેની મોતને પણ હત્યા અને ડ્રગ્સ રેકેટ સાથે જોડવામાં આવી હતી.

### મોદીએ આ સન્માન ભારતના નાગરિકોને સમર્પિત કર્યું

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઘાનાનું રાષ્ટ્રીય સન્માન મળ્યું

### ઘાનાના રાષ્ટ્રપતિએ મોદીને સર્વોચ્ચ નાગરિક સન્માન ધ ઓફિસર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર ઓફ ઘાનાથી સન્માનિત કર્યા

અકરા, તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે ઘાના પહોંચ્યા હતા. રાજધાની અકરામાં એક કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપતિ મહામાએ વડાપ્રધાન મોદીને ઘાના દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ધ ઓફિસર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર ઓફ ઘાના' થી સન્માનિત કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સન્માન ભારતના નાગરિકોને સમર્પિત કર્યું હતું. આ તકે તેમણે તેને ગર્વની ક્ષણ ગણાવી અને કહ્યું કે, હું તેને પ્રાપ્ત કરીને ખૂબ જ સન્માનિત અનુભવું છું. જણાવી દઈએ કે, વડાપ્રધાનના કાર્યકાળ દરમિયાન, મોદીને ૨૪ વૈશ્વિક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે. અફઘાનિસ્તાન, રશિયા અને પેલેસ્ટાઈન જેવા ઘણા દેશોએ તેમને તેમના દેશના સર્વોચ્ચ પુરસ્કારોથી સન્માનિત કર્યા છે.

પીએમ મોદીને ઘાનાના રાષ્ટ્રપતિ મહામા દ્વારા તેમના દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ધ ઓફિસર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર ઓફ ઘાના' થી સન્માનિત કરવામાં આવ્યા હતા.ઁસ્એ આ સન્માન માટે બધાનો આભાર માન્યો હતો. તેમણે સોશિયલ મીડિયા દ્વારા ઘાનાના લોકો અને સરકારનો આભાર માન્યો અને કહ્યું કે, ઓફિસર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર ઓફ ઘાનાથી સન્માનિત થવું મારા માટે ગર્વની વાત છે. તેમણે કહ્યું કે, આ સન્માન આપણા યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય, તેમની આકાંક્ષાઓ અને ભારત અને ઘાના વચ્ચેના ઐતિહાસિક સંબંધોને સમર્પિત છે. આ સન્માન ભારત અને ઘાના વચ્ચેની મિત્રતાનું પ્રતીક પણ છે. ભારત હંમેશા ઘાનાના લોકોની સાથે રહેશે.ઘાનાનું આ સર્વોચ્ચ નાગરિક સન્માન પ્રાપ્ત કર્યા પછી, વડા પ્રધાન મોદીને તેમના કાર્યકાળ દરમિયાન અત્યાર સુધીમાં ૨૪ વૈશ્વિક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ વિશે માહિતી આપતા ભાજપે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ દ્વારા જણાવ્યું હતું કે, ભારતના લોકો માટે આ વધુ એક ગર્વની ક્ષણ છે. તેમણે કહ્યું કે, વડા પ્રધાનને ઘાનાના સર્વોચ્ચ રાજ્ય સન્માન 'ઓફિસર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર ઓફ ઘાના' થી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, આ પ્રતિષ્ઠિત સન્માન ફક્ત વડા પ્રધાન મોદીના વૈશ્વિક નેતૃત્વને જ પ્રતિબિંબિત કરતું નથી, પરંતુ વિશ્વ મંચ પર ભારતની વધતી ભાગીદારીને પણ વ્યાખ્યાયિત કરે છે.આ વર્ષે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ઘાના ઉપરાંત સાયપ્રસ, શ્રીલંકા અને મોરેશિયસના સર્વોચ્ચ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સે પીએમ મોદીને સાયપ્રસના સર્વોચ્ચ સન્માન, ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ મેકરિયોસ III થી સન્માનિત કર્યા હતા. શ્રીલંકાએ પીએમ મોદીને મિત્ર વિભૂષણ મેડલથી સન્માનિત કર્યા હતા. આ ઉપરાંત, આ વર્ષે વડા પ્રધાન મોદી મોરેશિયસના રાષ્ટ્રીય દિવસ સમારોહમાં ગયા હતા, જ્યાં તેમને મોરેશિયસનો સર્વોચ્ચ પુરસ્કાર 'ધ ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર એન્ડ કી ઓફ ધ ઈન્ડિયન ઓશન' એનાયત કરવામાં આવ્યો હતો. જણાવી દઈએ કે, વડા પ્રધાન મોદી બે દિવસની મુલાકાતે ઘાના પહોંચ્યા હતા. ઘાનાના એરપોર્ટ પર તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ઘાનાના લોકો મોદીને મળવા માટે ખૂબ જ ઉત્સુક દેખાતા હતા. મોદીનું સન્માન કરવા માટે લાખો લોકો ઉમટી પડ્યા હતા. ભારત માતા કી જયના નારા દરેક જગ્યાએ સંભળાયા હતા. પીએમ મોદીએ ઘાનાના લોકોનો આટલા ભવ્ય સ્વાગત માટે આભાર માન્યો હતો.

### ઘાનાની સંસદમાં બોલ્યા વડાપ્રધાન મોદી

# ભારત બનશે દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર

### ઘાનામાં હોવું એ એક સૌભાગ્યની વાત છે : એક એવી ભૂમિ જે લોકશાહી, ગૌરવ અને સ્થિતિસ્થાપકતાની ભાવનાને ફેલાવે છે

અકરા, તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાંચ દેશોના પ્રવાસ પર છે. બુધવારે (બીજી જુલાઈ) તેમના પ્રવાસના પહેલા પડાવ ઘાના પહોંચતા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ગુરુવારે (ત્રીજી જુલાઈ) ઘાનાની સંસદને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, આજે આ પ્રતિષ્ઠિત ગૃહને સંબોધિત કરીને હું ખૂબ જ સન્માનિત અનુભવું છું. ઘાનામાં હોવું એ એક સૌભાગ્યની વાત છે. એક એવી ભૂમિ જે લોકશાહી, ગૌરવ અને સ્થિતિસ્થાપકતાની ભાવનાને ફેલાવે છે.ભારતના અર્થતંત્ર અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આફ્રિકા સાથેની અમારી વિકાસ ભાગીદારી માંગ આધારિત છે. ભારત ટૂંક સમયમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે. અમે પહેલાથી જ વૈશ્વિક વિકાસમાં લગભગ ૧૬% યોગદાન આપી રહ્યા છીએ. અમારો વસ્તી વિષયક લાભાંશ ફળદાયી સાબિત થઈ રહ્યો છે, જે એક ગતિશીલ અર્થતંત્રને આગળ ધપાવી રહ્યો છે. ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમનું ઘર છે. અમે નવીનતા અને ટૅક્નોલૉજી માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે ઉભરી આવ્યા છીએ, અને ગર્વથી વિશ્વની ફાર્મસી તરીકે ઓળખાય છે. ભારતીય મહિલાઓ વિજ્ઞાન, ઉડ્ડયન અને રમતગમતમાં અગ્રણી છે. ભારત ચંદ્ર પર ઉતર્યું છે.ઘાનાની સંસદમાં પીએમ મોદીએ કહ્યું કે, વિશ્વના સૌથી મોટા લોકશાહીના પ્રતિનિધિ તરીકે, હું ૧.૪ અબજ ભારતીયો વતી હાર્દિક શુભેચ્છાઓ અને સદ્ભાવના લઈને આવ્યો છું. જ્યારે આપણે ઘાના તરફ જોઈએ છીએ, ત્યારે આપણે એક એવો રાષ્ટ્ર જોઈએ છીએ જે હિંમત સાથે ઊભો છે. એક એવો રાષ્ટ્ર જે દરેક પડકારનો ગૌરવ અને શિષ્ટાચાર સાથે સામનો કરે છે. સમાવિષ્ટ પ્રગતિ પ્રત્યેની તમારી પ્રતિબદ્ધતાએ ઘાનાને ખરેખર સમગ્ર આફ્રિકન ખંડ માટે પ્રેરણાનું કેન્દ્ર બનાવ્યું છે.અગાઉ, પીએમ મોદીએ ઘાનાની ધરતી પર મળેલા ઉષ્માભર્યા સ્વાગત બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી અને કહ્યું કે, રાષ્ટ્રપતિ પોતે ઍરપોર્ટ પર આવ્યા તે તેમના માટે ખૂબ જ સન્માનની વાત છે. ભારત-ઘાના મિત્રતાના કેન્દ્રમાં આપણા સહિયારા મૂલ્યો, સંઘર્ષ અને સમાવિષ્ટ ભવિષ્ય માટેના સહિયારા સપના છે, જેણે અન્ય દેશોને પણ પ્રેરણા આપી છે.

### કેન્દ્રીય કર્મચારીઓ માટે ખુશખબર

# કેન્દ્રીય કર્મચારીઓનું જુલાઈમાં ૪% વધી શકે છે મોંઘવારી ભથ્થું

### હાલમાં કર્મચારીઓને તેમના બેઝિક પગારના ૫૩% DA મળે છે, જો ૪%નો વધારો થાય, તો તે ૫૭% સુધી પહોંચશે

નવી દિલ્હી, તા.૩

કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે સારા સમાચાર છે. હાલમાં ૮મા પગાર પંચની રાહ જોવાઈ રહી છે, પરંતુ તે પહેલાં મોંઘવારી ભથ્થા (DA)માં વધારો થઈ શકે છે. સરકાર જુલાઈ ૨૦૨૫થી ઢછમાં ૩થી ૪ ટકાનો વધારો કરી શકે છે. મોંઘવારી ભથ્થું એટલે DA, જે સરકાર તેના કર્મચારીઓને મોંઘવારીની અસરથી રાહત આપવા માટે આપે છે. જેમ-જેમ વસ્તુઓના ભાવ વધે છે, તેમ-તેમ DAમાં પણ વધારો કરવામાં આવે છે. આ વધારો વર્ષમાં બે વખત થાય છે. પહેલીવાર વધારો જાન્યુઆરીમાં કરવામાં આવે છે અને બીજો ૧ જુલાઈથી લાગુ થાય છે. સરકાર જ્યારે પણ DA વધારવાની જાહેરાત કરે, પરંતુ તે ૧ જાન્યુઆરી અથવા ૧ જુલાઈથી જ લાગુ ગણાય છે. સરકાર ૧ જુલાઈથી લાગુ થનારા DAની જાહેરાત દિવાળી પહેલાં કરી શકે છે. હાલમાં કર્મચારીઓને તેમના બેઝિક પગારના ૫૩% DA મળે છે. જો ૩%નો વધારો થાય, તો તે ૫૬% થઈ જશે અને જો ૪%નો વધારો થાય, તો તે ૫૭% સુધી પહોંચી શકે છે. આ નિર્ણય CPI-IW ના આંકડા પર આધારિત છે, જે મોંઘવારીને માપે છે. મે ૨૦૨૫ સુધીના જે આંકડા આવ્યા છે, તેનાથી એવો સંકેત મળી રહ્યો છે કે જુલાઈમાં ૩થી ૪%નો ઢછ વધારો થઈ શકે છે.

જો કોઈ કર્મચારીનો બેઝિક પગાર (બેઝિક સેલેરી) ૧૮,૦૦૦ રૂપિયા છે, તો હાલમાં તેમને ૫૩% ઢછ એટલે કે ૯,૯૯૦ રૂપિયા મોંઘવારી ભથ્થું મળે છે. ૩%ના વધારા પછી DA ૧૦,૪૪૦ રૂપિયા થઈ જશે, એટલે કે ૫૪૦ રૂપિયાનો વધારો. જેમનો બેઝિક પગાર વધારે છે, તેમને આ વધારો વધુ ફાયદો આપશે.

જૂન ૨૦૨૫નો CPI-IW ડેટા જુલાઈના અંતમાં આવશે. ત્યારબાદ સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં કેન્દ્રીય કેબિનેટ DA વધારવાનો નિર્ણય લઈ શકે છે. પછી આ વધેલું ભથ્થું જુલાઈ ૨૦૨૫થી એરિયર સાથે આપવામાં આવશે. જ્યાં સુધી ૮મું પગાર પંચ લાગું નહીં થાય, ત્યાં સુધી આ DA વધારો એ સરકાર તરફથી કર્મચારીઓને રાહત આપવાનું માધ્યમ છે. તેથી જો તમે કેન્દ્ર સરકારના કર્મચારી કે પેન્શનર છો, તો જુલાઈ ૨૦૨૫માં આવનારો ૩-૪%નો DA વધારો તમારા ખિસ્સામાં થોડી વધુ રાહત લાવશે.

### કાલે હટ્યો હતો પ્રતિબંધ, ફરીથી બ્લોક

# પાકિસ્તાનના અનેક સોશિયલ મીડિયા એકાઉન્ટ બ્લોક કરાયા

### પાકિસ્તાનના સેલેબ્સના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પ્રતિબંધ ઉઠાવવાના સમાચારો બાદ ભારે હંગામો જોવા મળ્યો

નવી દિલ્હી, તા.૩

ગુરુવારે એવા સમાચાર સામે આવ્યા છે કે બુધવારે કેટલાક એકાઉન્ટ્સ પરથી પ્રતિબંદ હટાવ્યા બાદ હવે ફરીથી પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. ભારતમાં પાકિસ્તાનના સેલેબ્સના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પ્રતિબંધ ઉઠાવવાના સમાચારો વહેતા થયા બાદ ભારે હંગામો જોવા મળ્યો હતો. જેથી કરીને હવે ફરીથી પ્રતિબંધ લાગ્યો છે. જે સેલેબ્સના એકાઉન્ટ્સ પર આ કાર્યવાહી થઈ તેમાં માવરા હોકેન, યુમના જૈદી, હાનિયા આમિર અને ફવાદ ખાન જેવા મોટા નામ સામેલ છે. તેમના ઈન્સ્ટાગ્રામ અને ટ્વિટર (હવે એક્સ) એકાઉન્ટ્સને ભારતમાં ફરથી બ્લોક કરી દેવાયા છે. ઈન્ડિયા ટુડેમાં છપાયેલા એક રિપોર્ટ મુજબ ભારતે ફરીથી પ્રતિબંધ લગાવ્યો છે. મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો બુધવારે અચાનક સમાચાર આવ્યા કે કેટલાક પાકિસ્તાની સેલેબ્સના એકાઉન્ટ્સ અને ચેનલો પરથી પ્રતિબંધ હટ્યો છે. માવરા હોકેન, યુમના જૈદી, અહદ રઝા મીર અને દાનિશ તૈમૂર જેવા સિતારોના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ ભારતમાં ફરીથી દેખાવવા લાગ્યા હતા. આ ઉપરાંત કેટલીક યુટ્યુબ ચેનલ જેમ કે હ્યૂમ ટીવી અને એઆરવાય ડિજિટલ પણ અનબ્લોક થઈ ગયા હતા. પરંતુ આ સમાચાર સામે આવતા જ સોશિયલ મીડિયા પર હંગામો મચી ગયો. અનેક ભારતીય યૂઝર્સે તેને લઈને નારાજગી વ્યક્ત કરી અને સરકારને સવાલ પૂછ્યો કે આખરે પ્રતિબંધ કેમ હટાવવામાં આવ્યો? કેટલાકે તેને પહેલગામ હુમલાના પીડિતો અને સેનાના જવાનોના બલિદાનનું અપમાન ગણાવ્યું.

લોકોની નારાજગી અને સવાલો વચ્ચે ગુરુવારે સરકારે ફરીથી આ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ લગાવ્યો. જો કે હજુ સુધી સરકાર તરફથી કોઈ અધિકૃત નિવેદન આવ્યું નથી કે આ પ્રતિબંધ કેમ હટાવવામાં આવ્યો અને ફરીથી કેમ લગાવવામાં આવ્યો. કેટલાક સૂત્રોનું કહેવું છે કે પ્રતિબંધ હટાવવાનો નિર્ણય એક રિવ્યૂ બાદ લેવામાં આવ્યો હતો, પરંતુ જનતાના ગુસ્સાને જોતા તેને તરત પાછો લાગૂ કરાયો.

સોશિયલ મીડિયા પર આ સમાચાર લઈને ભાત ભાતની પ્રતિક્રિયાઓ આવી રહી છે. કેટલાક લોકો તેને યોગ્ય પગલું ગણાવી રહ્યા છે. તો કેટલાકનું કહેવું છે કે સરકારે પોતાની નીતિ સ્પષ્ટ કરવી જોઈએ. એક યૂઝરે લખ્યું કે, પહેલા પ્રતિબંધ લગાવો, પછી લગાવો, આ શું મામલો છે? સરકારે ચોખ્ખુ જણાવવું જોઈએ કે પાકિસ્તાન સાથે આપણી શું પોલીસી છે? જ્યારે કેટલાક લોકો તેને ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ ઓછો કરવાની કોશિશ તરીકે પણ જોવામાં આવી રહી છે.

### ૧૧ વિપક્ષી દળો ભડક્યાં

# બિહારમાં ૨ કરોડ મતદારોને વોટર લિસ્ટમાંથી કાઢી નાખવાની તૈયારી?

### I.N.D.I.A. ગઠબંધનના નેતાઓએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને સંયુક્ત મેમોરેન્ડમ સુપરત કર્યું

પટણા, તા.૩

બિહારમાં પ્રસ્તાવિત વિધાનસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચ (ECI) દ્વારા કરવામાં આવી રહેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયાનો બુધવારે ૧૧ વિપક્ષી દળોએ સખત વિરોધ કર્યો હતો. આ દળોએ ચૂંટણી પંચના અધિકારીઓ સાથે મુલાકાત કરીને આરોપ લગાવ્યો કે, આ પ્રક્રિયા વંચિત વર્ગોને નિશાન બનાવી રહી છે અને તેના કારણે લાખો વાસ્તવિક મતદારોના નામ વોટર લિસ્ટમાંથી દૂર થઈ શકે છે. કોંગ્રેસ, RJD, ભાકપા, માકપા, માકપા(માલે)-લિબરેશન, સપા અને NCP (શરદ પવાર જૂથ) સહિત I.N.D.I.A. ગઠબંધનના નેતાઓએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સાથે મુલાકાત કરી અને એક સંયુક્ત મેમોરેન્ડમ સુપરત કર્યું. વિપક્ષી દળોએ આરોપ લગાવ્યો છે કે, આ પ્રક્રિયાથી બિહારના હાંસિયા પર ઊભેલા લાખો લોકોના નામ વોટર લિસ્ટમાંથી હટાવવામાં આવી શકે છે. મતદારો પાસે ખુદના અને તેમના માતા-પિતાના જન્મ પ્રમાણપત્રો રજૂ કરવાનું કહેવું એ માત્ર જટિલ અને અન્યાયી જ નથી પણ ૮.૧ કરોડ મતદારો પર વધુ પડતો બોજ છે.

ચૂંટણી પંચે પ્રસ્તાવ મૂક્યો છે કે, જે ૨૦૦૩ના વોટર લિસ્ટમાં નોંધાયેલા લોકોને જ મતદાર ગણવામાં આવશે, જ્યારે બાકીના લોકોએ ફરીથી નોંધણી માટે દસ્તાવેજો આપવા પડશે. વિપક્ષનું કહેવું છે કે, આ એક અસ્પષ્ટ અને કાયદેસર રીતે પાયાવિહોણું વર્ગીકરણ છે, જે લાખો લોકોને કોઈપણ માન્ય કારણ વિના મતદાનના અધિકારોથી વંચિત કરી શકે છે. માકપા(માલે)ના મહાસચિવ દીપાંકર ભટ્ટાચાર્યએ કહ્યું કે, જે લોકો ૨૦૦૩ના વોટર લિસ્ટમાં નથી, તેમણે નાગરિકતા સાબિત કરવી પડશે. આ તો સીધી 'વોટબંધી' છે.

કોંગ્રેસના નેતા અભિષેક મનુ સિંઘવીએ ચેતવણી આપી છે કે, આ પ્રક્રિયામાં ઓછામાં ઓછા બે કરોડ મતદારોને બહાર કરવામાં આવી શકે છે. ખાસ કરીને દલિત, આદિવાસી, પ્રવાસી મજૂર અને ગરીબ વર્ગના લોકોને. જો કોઈનું નામ કાઢી નાખવામાં આવે છે, તો ચૂંટણીની જાહેરાત થયા પછી તેને કોર્ટમાં પડકારવાનું પણ શક્ય નહીં બનશેહીં, કારણ કે તે સમય દરમિયાન કોર્ટ ચૂંટણી સંબંધિત કેસોની સુનાવણી ટાળે છે.

સિંઘવીએ ચૂંટણી પંચને એ સવાલ પણ કર્યો છે કે, ૨૦૦૩થી લઈને અત્યાર સુધી યોજાયેલી અનેક ચૂંટણીઓમાં કોઈ મોટી ગેરરીતિ નથી નોંધાઈ, તો પછી હવે અચાનક ખાસ સુધારાની જરૂર કેમ અનુભવાઈ? ૨૨ વર્ષમાં ૪-૫ ચૂંટણીઓ યોજાઈ હતી, શું તે બધી ખોટી હતી?

# સ્પોટ ફિક્સિંગમાં જેલ ગયેલો ક્રિકેટર બન્યો મુંબઈનો કોચ

મુંબઈ, તા.૩

મુંબઈ ક્રિકેટ એસોસિએશન (MCA) દ્વારા તેના તમામ સપોર્ટ સ્ટાફના નામ જાહેર કરવામાં આવ્યા છે. સ્ઝછએ અંડર-૧૪ ટીમના મુખ્ય કોચ તરીકે IPLમાં રાજસ્થાન રોયલ્સ તરફથી રમનાર ભૂતપૂર્વ બોલર અંકિત ચૌહાણની પસંદગી કરી છે. સ્ઝછના આ નિર્ણય પર સતત પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

અંકિત ચવ્હાણ એ ૩ ખેલાડીઓમાંનો એક છે જેમને ૨૦૧૩માં IPL દરમિયાન સ્પોટ ફિક્સિંગના આરોપસર જેલ મોકલવામાં આવ્યા હતા. શ્રીસંત અને તેની સાથે અજિત ચૌહાણ સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. અજિત ચૌહાણ પર આજીવન પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. BCCIએ બાદમાં આ સમયગાળો ઘટાડીને ૭ વર્ષ કર્યો હતો. બે વર્ષ પછી તેને વ્યાવસાયિક ક્રિકેટમાં પાછા ફરવાની મંજૂરી આપવામાં આવી. અંકિતે કર્ણાટક સ્પોર્ટ્સ ક્લબ માટે મુંબઈમાં ક્લબ ક્રિકેટ રમી અને બાદમાં તેની લેવલ-૧ કોચિંગ પરીક્ષા પાસ કરી. તેની કારકિર્દીમાં અંકિતે ૧૩ IPL મેચ રમી. આ ઉપરાંત તેણે મુંબઈ માટે ૧૮ ફર્સ્ટ ક્લાસ મેચ અને ૨૦ લિસ્ટ છ મેચ પણ રમી.એમસીએએ આગામી ૨૦૨૫/૨૬ સ્થાનિક સિઝન માટે ઓમકાર સાલ્વીને મુંબઈની સિનિયર પુરુષ ટીમના મુખ્ય કોચ તરીકે જાળવી રાખ્યા છે. એમસીએએ જણાવ્યું હતું કે સંજય પાટિલ સિનિયર પુરુષ પસંદગી સમિતિના અધ્યક્ષ રહેશે. મુંબઈએ ૨૦૨૪/૨૫ સ્થાનિક સિઝનમાં સાલ્વીના કોચિંગ હેઠળ ૨૭ વર્ષના અંતરાલ પછી ઈરાની કપ જીત્યો હતો. આ ઉપરાંત, તેઓએ રણજી ટ્રોફીની સેમિફાઈનલમાં પ્રવેશ મેળવતા પહેલા સૈયદ મુશ્તાક અલી ટ્રોફી પણ જીતી હતી. સાલ્વી આઈપીએલ ૨૦૨૫ વિજેતા રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના બોલિંગ કોચ પણ હતા.

### સુપ્રીમે એક કેસની સુનાવણી કરતા મહત્વનો નિર્ણય લીધો

# વાહન સ્પીડથી ચલાવતા ડ્રાઈવરનું મૃત્યું થાય તો વીમા કંપની પૈસા આપશે નહીં

### માર્ગ સલામતીને પ્રોત્સાહન આપવા અને બેદરકારીપૂર્વક વાહન ચલાવનારાઓને પાઠ ભણાવવાના સંદર્ભમાં નિર્ણય

નવી દિલ્હી, તા.૩

સુપ્રીમ કોર્ટે એક મહત્વના નિર્ણયમાં કહ્યું કે, જો કોઈ ડ્રાઈવર પોતાની લાપરવાહી કે સ્પીડમાં વાહન કે સ્ટંટ કરી અથવા ખોટી રીતે વાહન ચલાવવાથી મૃત્યું થાય છે. તો તેના પરિવારને વળતર ચૂકવવા માટે બંધાયેલી રહેશે નહીં.આ નિર્ણય સ્પીડમાં વાહન ચલાવનારા અથવા સ્ટંટ કરનારાઓનું ધ્યાન ખેંચવા માટે એક કડક સંદેશ માનવામાં આવી રહ્યો છે. જસ્ટિસ પી.એસ,નરસિમ્હા અને આર.મહાદેવનની બેંચે એક મામલામાં મૃતકની પત્ની, દીકરો અને માતા-પિતા દ્વારા દાખલ કરાયેલ વળતરની માંગને ફગાવી દીધી હતી. પહેલા પણ સુપ્રીમ કોર્ટે આવા કેસોમાં વળતરની માંગણીઓને ફગાવી દીધી છે.

કોર્ટે આ નિર્ણય એક વ્યક્તિ સાથે જોડાયેલા કેસમાં આપ્યો છે. જે સ્પીડ અને બેદરકારીથી કાર ચલાવી અકસ્માતનો શિકાર બન્યો હતો. આ અકસ્માત ૧૮ જૂન ૨૦૧૪ના રોજ થયો હતો. જ્યારે એન.એસ રવિશ પોતાની કાર થી કર્ણાટક સ્થિત મલ્લાસાંદ્રા ગામથી અરસીકેરે શહેર જઈ રહ્યો હતો. તેની સાથે તેની બહેન, પિતા અને બાળકો પણ હતા. રવિશે સ્પીડમાં અને લાપરવાહીથી ગાડી ચલાવી અને ટ્રાફિકના નિયમો તોડ્યા હતા. માયલાનહલ્લી ગેટની પાસે તેમણે ગાડી પર કાબુ ગુમાવ્યો હતો. જેનાથી કાર પલટી ગઈ હતી. આ અકસ્માતમાં રવિશ ગંભીર રીતે ઘાયલ થતાં તેનું મૃત્યું થયું હતુ.

રવિશના પરિવારે યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની પાસેથી ૮૦ લાખ રૂપિયાના વળતરની માંગણી કરી હતી. પરિવારનો દાવો છે કે કોન્ટ્રાક્ટર તરીકે, રવિશ દર મહિને ૩ લાખ રૂપિયા કમાતો હતા. પરંતુ પોલીસની ચાર્જશીટમાં એ સ્પષ્ટ કહેવામાં આવ્યું હતુ કે, આ અકસ્માત રવિશની બેદરકારી અને સ્પીડમાં કાર ચલાવવાથી થયું છે. મોટર એક્સીડન્ટ ટ્રિબ્યુનલે પરિવારની માંગને રદ કરી હતી. કર્ણાટક હાઈકોર્ટે પણ ૨૩ નવેમ્બર ૨૦૨૪ના રોજ પરિવારની અપીલ નકારી કહ્યું જ્યારે અકસ્માત મૃતકની ભૂલથી થાય છે. તો પરિવાર વીમા વળતરની માંગણી કરી શકતો નથી.

હાઈકોર્ટે કહ્યું પરિવારએ સાબિત કરવું પડશે કે, આ અકસ્માત મૃતકની ભૂલથી થયો નથી. અને જે વીમા પૉલિસીના દાયરામાં હતો. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના નિર્ણયને માન્ય રાખ્યો અને પરિવારની અરજી ફગાવી દીધી.કોર્ટે સ્પષ્ટ કર્યું કે, જો ડ્રાઈવરનું મૃત્યું પોતાની ભૂલથી થયું છે અને તેમાં કોઈ અન્ય કારણ સામેલ નથી. તો વીમા કપની વળતર ચૂકવવા માટે બંધાયેલી નથી. માર્ગ સલામતીને પ્રોત્સાહન આપવા અને બેદરકારીપૂર્વક વાહન ચલાવનારાઓને પાઠ ભણાવવાના સંદર્ભમાં આ નિર્ણયને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

### અરવિંદ કેજરીવાલની મોટી જાહેરાત

# બિહારમાં યોજાનાર ચૂંટણી લડશે આમ આદમી પાર્ટી

### અરવિંદ કેજરીવાલે ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે, ભાજપે ૩૦ વર્ષમાં ગુજરાતને બરબાદ કરી નાખ્યું છે

નવી દિલ્હી, તા.૩

ગુજરાત જોડો સદસ્યતા અભિયાન માટે ગુજરાત આવેલા આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે ગુજરાતના મંચ પરથી મોટી જાહેરાત કરી છે. તેમણે બિહારમાં આપ પાર્ટી ચૂંટણી લડશે તેવી જાહેરાત કરી છે. અરવિંદ કેજરીવાલે ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે, ભાજપે ૩૦ વર્ષમાં ગુજરાતને બરબાદ કરી નાખ્યું. વિસાવાદરની જીત આઈસોલેટેડ જીત નથી. ૨૦૨૭ માટે વિસાવદરની ચૂંટણી સેમિફાઈનલ છે. સુરતમાં પૂરથી લોકો પરેશાન છે. ભાજપના ભ્રષ્ટાચારના કારણે શહેરોમાં પૂર આવે છે. ગુજરાતમાં રસ્તાઓના હાલ બેહાલ છે. ખેડૂતો ગુજરાતમાં પરેશાન છે. ગુજરાતમાં સરકારી ભરતીઓ નથી થઈ રહી. ગુજરાતના લોકો ભાજપને હરાવવા માગે છે. આવામાં ગુજરાતના લોકો માટે AAP વિકલ્પ છે. ગુજરાતના લોકોને કોંગ્રેસ પર વિશ્વાસ નથી. આ વખતે લોકોએ છછઁની સરકાર બનાવવા મન બનાવી લીધું છે. આજથી અમે ગુજરાત જોડો અભિયાનની શરૂઆત કરી. તેમણે વધુમાં કહ્યું કે, વિસાવદરની જીતે એ જનતાએ અમારામાં વિશ્વાસ કર્યો છે. વિસાવદરની જીત કોઈ સામાન્ય જીત નહિ, પરંતુ ૨૦૨૭ની સેમિફાઈનલ છે. સુરતની પરિસ્થિતિ ભાજપનાના ભ્રષ્ટાચારનું ઉદાહરણ છે. ભાજપ કોંગ્રેસને સારી રીતે જીત અપાવે છે. અમારી પાર્ટી બધાથી અલગ છે. અમે ગુજરાત જોડો અભ્યાન શરૂ કર્યું છે. આમ આદમી પાર્ટી સાથે જોડાવવા કેજરીવાલે ગુજરાતની જનતાને અપીલ કરી છે. તેમણે કહ્યું કે, ૨ વર્ષ યુવાઓ આપને આપો. કોંગ્રેસ સાથે અમારું કોઈ ગઠબંધન નથી. વિસાવદરમાં કોંગ્રેસ ભાજપ સાથે મળી અમને હરાવવા આવી હતી. ઈન્ડિયા બ્લોક સાથે ગઠબંધન લોકસભા ચૂંટણી પૂરતું હતું. ગુજરાતમાં ચૂંટણી લડીશું ગુજરાતમાં સરકાર બનાવીશું. બિહારમાં પણ આપ પાર્ટી ચૂંટણી લડશે.

### કેદારનાથમાં ૪૦ લોકોનું રેસ્ક્યુ

# હિમાચલ પ્રદેશમાં આભ ફાટતાં અત્યાર સુધી ૬૨ લોકોના મોત

દેહરાદુન, તા.૩

ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ ધામ પરથી પરત ફરી રહેલા ૪૦ યાત્રાળુઓ સોનપ્રયાગ સ્લાઈડ ઝોનમાં ફસાયા હતા. જેમને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે. ભારે વરસાદના કારણે સોનપ્રયાગ નજીક સ્લાઈડ ઝોનમાં અચાનક ભૂસ્ખલન થયુ હતું. જેના લીધે ૪૦ યાત્રાળુઓ ફસાઈ ગયા હતા. દુર્ઘટનાની જાણકારી મળતાં જ તૈનાત એસડીઆરએફના જવાન ઘટનાસ્થળે પહોંચ્યા હતાં. એસડીઆરએફની ટીમે યાત્રાળુઓ સુધી સુરક્ષિત માર્ગ બનાવી તેમને સફળતાપૂર્વક સ્લાઈડ ઝોનમાંથી બહાર કાઢ્યા હતા. તમામ યાત્રાળુઓ મોડી રાત્રે ૧-વાગ્યે સ્લાઈડ ઝોનમાં ફસાયા હતા. ગત રવિવારે ભારે વરસાદ અને ભૂસ્ખલનની આશંકા વચ્ચે ચારધામ યાત્રા એક દિવસ માટે અટકાવી દેવામાં આવી હતી. લોકોની સુરક્ષા માટે સાવચેતીના પગલાં લેવાયા હતા. બાદમાં સોમવારે યાત્રા ફરી શરુ થઈ હતી. જેમાં ગઈકાલે ધોધમાર વરસાદ વરસતાં ઠેર-ઠેર ભૂસ્ખલનની ઘટના બની હતી.હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. રાજ્ય ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના ડેટા અનુસાર, ૨૦ જૂનથી અત્યાર સુધીમાં હિમાચલ પ્રદેશમાં કુલ ૬૩ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૫૬ લોકો ગુમ છે. ૧૦૩ લોકો ઈજાગ્રસ્ત થયા છે, ૮૪ પશુઓ મૃત્યુ પામ્યા છે અને ૨૨૩ ઘરોને નુકસાન થયું છે. મંડીમાં જ ૧૩ લોકોના મોત થયા છે. જ્યારે ૨૯ લોકો ગુમ છે. થુનાગમાં પાંચ, કરસોગમાં એક અને ગૌહરમાં સાત લોકોએ જીવ ગુમાવ્યા છે. આ સિવાય જોગિન્દ્રનગરના સ્યાંજમાંથી બે મૃતદેહો મળી આવ્યા છે. હિમાચલ પ્રદેશમાં સોમવારે રાત્રે આભ ફાટ્યું હતું. જેના લીધે ૧૦૦થી વધુ રસ્તાઓ ધોવાઈ ગયા છે. ભૂસ્ખલનના કારણે વાહન વ્યવહાર ખોરવાયો છે. ૯૧૮ વીજ ટ્રાન્સફોર્મર, ૬૮૩ પેયજળ સુવિધાઓ ઠપ થઈ છે. વીજ અને પાણી સેવા ખોટવાતાં સ્થાનિકો હાલાકીમાં મૂકાયા છે. હિમાચલ પ્રદેશમાં વરસાદની તારાજીના કારણે અંદાજે રૂ. ૪૦૭૦૨.૪૩ લાખનું નુકસાન થયું છે.

### બે દિવસમાં મોટી જાહેરાતની શક્યતા

# ભારત-અમેરિકા વચ્ચે વેપાર કરાર મંત્રણા અંતિમ તબક્કામાં

## યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી લાગુ રેસિપ્રોકલ ટેરિફ પર રોકની ડેડલાઇન ૯ જુલાઈના રોજ પૂરી થઈ રહી છે

વોશિંગ્ટન, તા.૩

ભારત અને અમેરિકા વચ્ચે વચગાળાના વેપાર કરાર થઈ રહ્યા છે. આગામી ૪૮ કલાકમાં મોટી જાહેરાત થઈ શકે છે. ભારત-યુએસ વચ્ચેનો વેપાર કરાર અંતિમ ચરણમાં છે. ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી લાગુ રેસિપ્રોકલ ટેરિફ પર રોકની ડેડલાઈન ૯ જુલાઈના રોજ પૂરી થઈ રહી છે. અગાઉ બંને દેશો વચ્ચે ટ્રેડ ડીલ પર મહોર વાગવાની હતી, પરંતુ ભારત કૃષિ ક્ષેત્રે પોતાની શરતો પર અડગ રહેતાં ડીલ ખોરંભે પડી હતી.

છેલ્લા થોડા દિવસથી ભારત અને અમેરિકા બંને દેશો તરફથી ટ્રેડ ડીલ પર કરાર મુદ્દે નિવેદનો આવી રહ્યા છે. મીડિયા સૂત્રોએ જણાવ્યું હતું કે, બંને દેશો વચ્ચે વેપાર કરારની વાતચીત અંતિમ તબક્કામાં પહોંચી છે. ટૂંકસમયમાં જ જાહેરાત થઈ શકે છે. જો કે, ભારત કૃષિ અને ડેરી ક્ષેત્રે અમુક શરતો માનવાનો ઈન્કાર કરી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે. ભારતે કપડાં, જેમ્સ-જ્વેલરી, ચામડું, પ્લાસ્ટિક અને કેમિકલ જેવા ક્ષેત્રોમાં અમુક રાહતોની માગ કરી છે. ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર મુદ્દે અમુક શરતો અને અપેક્ષા રાખવામાં આવી હતી. જેમાં અમેરિકા ઈચ્છે છે કે ભારત પોતાનું કૃષિ અને ડેરી બજાર અમેરિકા માટે ખોલે, જેથી આ ક્ષેત્ર સાથે સંકળાયેલા અમેરિકન ઉત્પાદનોને ભારત જેવું મોટું બજાર મળી શકે. જોકે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર અમેરિકા દ્વારા કરવામાં આવી રહેલી આ માંગણી માટે બિલકુલ તૈયાર નથી, તે પોતાના વલણ પર અડગ છે.

ભારત કેટલાક અમેરિકન કૃષિ ઉત્પાદનો પર ૧૦૦% ટેરિફ લાદે છે અને અમેરિકા તેને સમાપ્ત કરવાની માંગ કરી રહ્યું છે. આનું કારણ એ છે કે જો આવું થશે, તો ભારતીય ખેડૂતોને નુકસાન થશે અને તેમને ઉત્પાદનનો યોગ્ય ભાવ મળશે નહીં.

આ અઠવાડિયાની શરુઆતમાં, નાણામંત્રી નિર્મલા સીતારમણે ભારત-અમેરિકા વેપાર કરાર અંગે એક મોટું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે ભારત અમેરિકા સાથે એક મોટો અને સારો સોદો કરવા માંગે છે, પરંતુ આ માટે શરતો પણ લાગુ કરવી પડશે. ખાસ કરીને, નાણામંત્રીએ કૃષિ-ડેરી ક્ષેત્ર પર ઊંડાણપૂર્વક વિચારણા પર ભાર મૂક્યો હતો. અમેરિકા સાથેના વેપાર કરાર અંગે ભારત સરકાર દ્વારા પ્રથમ વખત નિવેદન આવ્યું હતું.

નિર્મલા સીતારમણ દ્વારા વેપાર કરાર અંગે આપવામાં આવેલા આ નિવેદન પહેલાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ભારત-અમેરિકા વેપાર કરાર અંગે ૮ જુલાઈ સુધીમાં ચિત્ર સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ જશે.

ભારત સાથે ટૂંક સમયમાં એક મોટો વેપાર કરાર થઈ શકે છે અને અમે ભારત માટે દરવાજા ખોલી રહ્યા છીએ.

વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે પણ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેના સંબંધોનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે ભારત-અમેરિકા સંબંધો ભવિષ્યમાં પણ સારા રહેશે. બંને દેશો વચ્ચે એક મજબૂત વેપાર કરાર થવા જઈ રહ્યો છે. જેની ટૂંકસમયમાં જાહેરાત થશે.

### આજી-૨ ડેમમાં પાણીની આવક વધી

# પાણીની આવક વધતાં આજી-૨ ડેમના દરવાજા બે મીટર ખોલાયા

## તંત્રએ નીચાણવાળા વિસ્તારોમાં સ્થિત ૧૦ જેટલા ગામોને એલર્ટ રહેવા સૂચના આપી છે જળાશયનું હાલનું લેવલ ૭૨.૭૧ મીટરે પહોંચ્યું છે

રાજકોટ,તા.૩

રાજકોટમાં આજે સવારથી જ મેઘરાજાએ મનમુકીને બેટિંગ કરી છે. ઉપરવાસમાં થયેલા વરસાદને કારણે આજી-૨ ડેમમાં પાણીની આવક વધી રહી છે. ડેમમાં જળસ્તર વધતાં ડેમના દરવાજા બે મીટર સુધી ખોલવામાં આવ્યાં છે. જેના કારણે તંત્રએ નીચાણવાળા વિસ્તારોમાં સ્થિત ૧૦ જેટલા ગામોને એલર્ટ રહેવા સૂચના આપી છે. જળાશયનું હાલનું લેવલ ૭૨.૭૧ મીટરે પહોંચ્યું છે.

આજી-૨ ડેમમાં પાણીની આવક વધતાં ડેમના દરવાજા ખોલવામાં આવ્યાં છે. શહેરમાં અને ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ડેમમાં પાણીની આવક વધવા પામી છે. જેના કારણે ડેમના દરવાજા ખોલી પાણી છોડવામાં આવી રહ્યું છે. પડધરી તાલુકાના અડબાલકા,બાગી, દહીસરડા, ડુંગરકા, ગઢડા, હરીપર, ખંડેરી, નારણકા, સખપર અને ઉકરડા ગામના લોકોને સલામત સ્થળે ખસી જવા જિલ્લા ફલડ કંટ્રોલ યુનિટે આદેશ કર્યો છે. આ ઉપરાંત નીચાણવાળા વિસ્તારોમાં સ્થિત ૧૦ જેટલા ગામોને એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી છે. રાજકોટ શહેરમાં એક કલાકમાં ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો હતો. ભારે વરસાદને કારણે શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા હતાં. શહેરમાં રૈયા ચોકડી, એસ્ટ્રોન ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ, મોવડી ચોકડી, મહિલા કોલેજ અંડરબ્રિજ, રેસકોર્સ, કાલાવાડ, યાજ્ઞિક રોડ, રૈયા ટેલિફોન એક્સચેન્જ, રામાપીર ચોકડી, આઝાદ ચોક, નાના મૌવા રોડ અને માધાપર ચોકડી પાસે પાણી ભરાઈ ગયા હતાં.શહેરમાં પાણી ભરાઈ જવાને કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. ભારે વરસાદને કારણે ભરાયેલા પાણીમાં અનેક લોકોના વાહનો બંધ થઈ ગયા હતાં. આ ઉપરાંત શહેરના પોપટપરા વિસ્તારમાં ગરનાળામાંથી પસાર થતી BRTS બસ ફસાઈ ગઈ હતી. બસમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતાં. આખરે NDRFની ટીમે આવીને તમામ મુસાફરોનું દોરડાથી રેસ્ક્યૂ કર્યું હતું.

### મનરેગા કૌભાંડમાં સાંસદ મનસુખ વસાવાનો આક્ષેપ

# ગાંધીનગરવાળા દૂધે ધોયેલા નથી, ભાજપ કોંગ્રેસ બધાને હપ્તા મળ્યા

## કામ કરનારી એજન્સી દ્વારા વિવિધ પક્ષોના નેતાઓને રૂપિયા આપવામાં આવ્યા હતા, જેમાં વિપક્ષના નેતાઓનો પણ સમાવેશ થાય છે

ભરુચ,તા.૩

ભરુચ જિલ્લામાં ચાલી રહેલા મનરેગા કૌભાંડ મામલે રાજકીય ગરમાવો તેજ બન્યો છે. ભરુચના સાંસદ મનસુખ વસાવાએ આ કૌભાંડમાં મોટો ધડાકો કરતાં જણાવ્યું છે કે, કામ કરનારી એજન્સી દ્વારા વિવિધ પક્ષોના નેતાઓને રૂપિયા આપવામાં આવ્યા હતા, જેમાં વિપક્ષના નેતાઓનો પણ સમાવેશ થાય છે.

સાંસદ મનસુખ વસાવાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, કૌભાંડ આચરનારી એજન્સીના કેટલાક માણસો તેમને મળવા આવ્યા હતા. તેમણે આ માણસોને રાજપીપળા ગેસ્ટ હાઉસમાં બોલાવીને જાહેરમાં મીટિંગ કરી હતી. આ મીટિંગ દરમિયાન એજન્સીના માણસોએ તેમને એક યાદી બતાવી હતી, જેમાં કૌભાંડના ભાગરૂપે દરેક પક્ષના નેતાઓને ચૂકવવામાં આવેલા રૂપિયાનો ઉલ્લેખ હતો.

મનસુખ વસાવાએ આક્ષેપ કરતા કહ્યું કે, "વિપક્ષના નેતાઓ જે આક્ષેપ કરી રહ્યા છે, તેમાંથી જ કેટલાક શાહુકાર બન્યા છે. વિપક્ષના નેતાઓએ પણ રૂપિયા લીધા છે."

આ ઉપરાંત, સાંસદે 'સ્વર્ણિમ' નામની એજન્સીનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેણે મનરેગા હેઠળ કામો કર્યા છે. તેમણે આ એજન્સીના કામોની પણ વિગતવાર તપાસ થવી જોઈએ તેવી માંગ કરી હતી.

સમગ્ર કૌભાંડની ગંભીરતાને જોતા, સાંસદ મનસુખ વસાવાએ રાજ્ય સરકારને અપીલ કરી છે કે મનરેગા યોજના હેઠળ થયેલા કામોની દરેક જિલ્લામાં CIDની ટીમ દ્વારા તપાસ કરાવવામાં આવે. આ માંગણીથી ભરુચના મનરેગા કૌભાંડનો વ્યાપ વધુ વિસ્તરવાની શક્યતા છે અને રાજકીય વર્તુળોમાં પણ ભારે ચર્ચા જાગી છે. ભરુચના મનરેગા કૌભાંડમાં સાંસદ મનસુખ વસાવાએ કરેલા આક્ષેપોએ રાજકીય વર્તુળોમાં ભારે હડકંપ મચાવ્યો છે, પરંતુ તેમના નિવેદનોમાં છેલ્લે આવેલા પલટાએ અનેક સવાલો ઊભા કર્યા છે. વસાવાએ આ કૌભાંડને ગાંધીનગર લેવલનું "સેટિંગ" ગણાવ્યું હતું, જેમાં એજન્સીને કામ મળે ત્યાં સુધીનું આયોજન હોવાનો દાવો કર્યો. તેમણે કહ્યું કે અધિકારીઓ, પદાધિકારીઓ સહિત તમામને ફંડ આપવામાં આવ્યું છે, અને આ મામલે ગાંધીનગરથી તપાસની શરુઆત થવી જોઈએ.

વસાવાએ કટાક્ષ કરતાં કહ્યું કે, "ગાંધીનગરવાળા દૂધે ધોયેલા નથી" અને "દીવા તળે અંધારું છે એ જોતા નથી." તેમના મતે, આ કૌભાંડમાં બધાને ટકાવારી મળી છે, જેમાં દરેક પક્ષના લોકો, મંત્રીઓ, સચિવો અને અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. તેમણે 'સ્વર્ણિમ' એજન્સીની તપાસ ન થવા પર પણ સવાલ ઉઠાવ્યો અને માંગ કરી કે માત્ર ભરુચ કે નર્મદા જ નહીં, પરંતુ આખા ગુજરાતમાં મનરેગાના કામોની તપાસ થવી જોઈએ.જોકે, આટલા ગંભીર આક્ષેપો કર્યા બાદ, વસાવાએ લિસ્ટ રજૂ કરવાને બદલે ફક્ત મૌખિક દાવાઓ કર્યા, અને આ બધી માહિતી એજન્સીના માણસો દ્વારા તેમને કહેવામાં આવી હોવાનું જણાવ્યું. તેમણે એક રીતે એજન્સીના ખભા પર બંદૂક મૂકીને વાત કરી હોય તેવો ઘાટ સર્જાયો. આશ્ચર્યજનક રીતે, આટલા મોટા ધડાકા કર્યા બાદ સાંસદ વસાવા "પાણીમાં બેસી ગયા" અને કહ્યું કે, "આ બધું એજન્સીએ કહ્યું એમાં તથ્ય કેટલું છે એ તપાસનો વિષય છે." આ સમગ્ર આક્ષેપો કરતા કરતા, મનસુખ વસાવા દર વખતની જેમ ગોળ ગોળ ફરીને આમ આદમી પાર્ટી (AAP) પર સીધા આક્ષેપ કરવા પર આવી ગયા. તેમણે AAPના સરપંચો અને પદાધિકારીઓના ક્ષેત્રમાં તપાસ કરાવવાની વાત કરી, જે તેમના નિવેદનોના અંતે એક રાજકીય મોડ દર્શાવે છે.

### શેર બજારમાં ગુજરાતનો ધમાકો!

# રોકાણકારોની સંખ્યાએ એક કરોડનો આંકડો પાર કર્યો

## ગુજરાત હવે નોંધાયેલા રોકાણકારોમાં એક કરોડનો આંકડો પાર કરનાર ત્રીજું રાજ્ય બની ગયું છે

અમદાવાદ, તા.૩

ભારતીય શેરબજારમાં નોંધાયેલા રોકાણકારોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. ઘણા લોકો નિયમમિત રોકાણ કરીને સારી આવક પણ મેળવી રહ્યા છે. નિફ્ટીના ડેટા મુજબ, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ પછી, હવે ગુજરાતે નોંધાયેલા રોકાણકારોમાં એક કરોડનો આંકડો પાર કરી લીધો છે. મે ૨૦૨૫ સુધીના ડેટા મુજબ, ભારતમાં નોંધાયેલા રોકાણકારોની કુલ સંખ્યા ૧૧.૫ કરોડની નજીક પહોંચી ગઈ છે. ભારતમાં શેરબજારમાં જોડાનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે. ગુજરાત હવે નોંધાયેલા રોકાણકારોમાં એક કરોડનો આંકડો પાર કરનાર ત્રીજું રાજ્ય બન્યું છે. આ માહિતી નેશનલ સ્ટોક એક્સચેન્જના ડેટા પરથી પ્રાપ્ત થઈ છે.

મે ૨૦૨૫ સુધીના દ્વજીઈ ડેટા દર્શાવે છે કે ભારતમાં નોંધાયેલા રોકાણકારોની કુલ સંખ્યા ૧૧.૫ કરોડની નજીક પહોંચી ગઈ છે. ફક્ત મે મહિનામાં જ ૧૧ લાખથી વધુ નવા રોકાણકારો જોડાયા. આ ૯ ટકાનો માસિક વધારો દર્શાવે છે, જે નવી નોંધણીઓમાં સતત ચાર મહિનાના ઘટાડા પછી મજબૂત ઉછાળો દર્શાવે છે.

પ્રદેશવાર જોઈએ તો, ઉત્તર ભારત ૪.૨ કરોડ નોંધાયેલા રોકાણકારો સાથે ટોચ પર છે, જ્યારે પશ્ચિમ ભારતમાં ૩.૫ કરોડ રોકાણકારો છે. દક્ષિણ ભારતમાં ૨.૪ કરોડ રોકાણકારો છે, જ્યારે પૂર્વ ભારતમાં ૧.૪ કરોડ રોકાણકારો છે. છેલ્લા ૧૨ મહિનામાં ઉત્તર અને પૂર્વ ભારતમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે. ઉત્તર ભારતમાં ૨૪ ટકા અને પૂર્વ ભારતમાં ૨૩ ટકાનો વધારો થયો છે. તે જ સમયે, દક્ષિણ ભારતમાં ૨૨ ટકા અને પશ્ચિમ ભારતમાં ૧૭ ટકાનો વધારો જોવા મળ્યો છે. એકંદરે, વૃદ્ધિ પેટર્નમાં વધારો થયો છે.

ફેબ્રુઆરી ૨૦૨૪ માં ૯ કરોડ રોકાણકારોના આંકડા સુધી પહોંચ્યા પછી, દર પાંચથી છ મહિને એક કરોડ રોકાણકારો ઉમેરાયા. ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં, આ આંકડો ૧૦ કરોડ સુધી પહોંચ્યો અને જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં તે ૧૧ કરોડ સુધી પહોંચી ગયો. જોકે, ફેબ્રુઆરીથી મે ૨૦૨૫ સુધીના મહિનાઓમાં વૃદ્ધિ દર નોંધપાત્ર રીતે ધીમો પડ્યો. આ પછી, દર મહિને સરેરાશ ૧૦.૮ લાખ નવા રોકાણકારો જોડાયા. કેલેન્ડર વર્ષ ૨૦૨૫ માં માસિક સરેરાશ ૧૯.૩ લાખ નવા રોકાણકારોની સરખામણીમાં આ નોંધપાત્ર ઘટાડો છે. મંદી હોવા છતાં, મે મહિનામાં તાજેતરનો ઉછાળો રોકાણકારોના નવા રસનો સંકેત છે. તે ભારતીય મૂડી બજારોમાં છૂટક ભાગીદારીના વિસ્તરણને પણ પ્રકાશિત કરે છે.

### છેલ્લે ૨૦૨૩માં રણવીરની 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' આવી હતી

# મેડોકના સ્ત્રી યુનિવર્સની હોરર કોમેડીમાં હવે રણવીરની એન્ટ્રી

## "રણવીર મહેબુબ સ્ટુડિયોમાં કોઈ સ્પેશિયલ પ્રોજેક્ટ માટે કામ કરી રહ્યો છે"

મુંબઈ, તા.૦૩

મેડોકનું હોરર કોમેડી યુનિવર્સ ધીરે ધીરો મોટું થઈ રહ્યું છે, જે રીતે રોહિત શેટ્ટીનું કોપ યુનિવર્સ અને યશરાજનું સ્પાય યુનિવર્સ છે, તેમ હવે સ્ત્રીનું હોરર કોમેડી યુનિવર્સ પણ દેશમાં ઘણું લોકપ્રિય થઈ રહ્યું છે. હવે તેમાં રણવીર સિંહ પણ જોડાયો છે. હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે રણવીર માટે દિનેશ વિજાન વધુ એક હોરર કોમેડી પ્રોડ્યુસ કરી રહ્યા છે. હોરર કોમેડી યુનિવર્સમાં રણવીરની આ પહેલી એન્ટ્રી છે આ અહેવાલોથી જ મેડોક અને રણવીરના ફૅન્સ ખુશ થઈ ગયાં છે. મેડોકની આગળની ફિલ્મ 'સ્ત્રી', 'રુહી', 'ભેડિયા' અને 'મુંજ્યા'ની જેમ આ ફિલ્મમાં પણ થ્રિલ અને કોમેડી બંને હશે.છેલ્લે ૨૦૨૩માં રણવીરની 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' આવી હતી, આમ તેની કોઈ ફિલ્મ જોવા મળી હોય એને બે વર્ષ થઈ ગયાં છે, જો કે વચ્ચે તેની એક ઝલક 'સિંઘમ અગેઈન'માં મળી હતી. પરંતુ તે હિરો હોય એવી ફિલ્મને બે વર્ષ થઈ ચૂક્યા છે. એવું લાગે છે કે તે કોઈ મોટા પ્રેજેક્ટ સાથે જોડાવા જઈ રહ્યો છે. રણવીર સિંહ પહેલાંથી જ આદિત્ય ધરની 'ધુરંધર'માં



કામ કરી રહ્યો છે. તેના પછી તેની પાસે વધુ એક મોટી ફિલ્મ છે. આ અંગે સુત્રના જણાવ્યા અનુસાર, "રણવીર મહેબુબ સ્ટુડિયોમાં કોઈ સ્પેશિયલ પ્રોજેક્ટ માટે કામ કરી રહ્યો છે." દોકે, સુત્રએ આ ઉપરાંત કોઈ માહિતી આપી નહીં. રણવીર સાથે ધુરંધરમાં અર્જૂન રામપાલ, સંજય દત્ત, અક્ષય ખન્ના અને આર માધવન પણ છે. આ ઉપરાંત તે 'ડોન ૩'માં પણ કામ કરી રહ્યો છે, આ ફિલ્મ ફરહાન અખ્તર બનાવશે. આ બે ફિલ્મ અંગે તો જાહેરાત થઈ ચૂકી છે. એ ઉપરાંત તે શક્તિમાન કરશે એવી ચર્ચાઓ પણ અવાર નવાર થયા કરે છે. પરંતુ આ અંગે હજુ કોઈ કન્ફર્મેશન મળ્યું નથી.

### હવામાન વિભાગની આગાહી સચોટ રહી

# ઉત્તર ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ, સૌથી વધુ ઈડરમાં ૫.૫૧ ઇંચ ખાબક્યો

## ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદના કારણે અમુક વિસ્તારમાં લોકોને હાલાકી પણ જોવા મળી હતી

અમદાવાદ,તા.૩

ચોમાસાની શરુઆત સાથે જ ગુજરાતમાં મેઘમહેર પણ શરુ થઈ ગઈ છે. રાજ્યભરમાં વિવિધ જગ્યાએ ભારેથી અતિભારે વરસાદ જોવા મળી રહ્યો છે. જોકે, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદના કારણે અમુક વિસ્તારમાં લોકોને હાલાકી પણ જોવા મળી હતી. ગુરુવારે (૩ જુલાઈ) વહેલી સવારથી મેઘરાજાએ ધડબડાટી શરુ કરી છે. ઉત્તર અને દક્ષિણ વિસ્તારોમાં મન મૂકીને મેહુલ્યો વરસ્યો છે. સાબરકાંઠા અને બનાસકાંઠામાં ભારે વરસાદના કારણે લોકોને હાલાકીનો સામનો પણ કરવો પડ્યો હતો. ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ હવામાન વિભાગ દ્વારા સવારે ૬ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી ક્યાં કેટલો વરસાદ વરસ્યો તે વિશે માહિતી આપવામાં આવી છે. જે મુજબ, સાબરકાંઠાના ઈડરમાં ૨ વાગ્યા સુધીમાં એટલે કે, ૮ કલાકમાં જ ૫.૫૧ ઈંચ વરસાદ વરસી ગયો હતો. બનાસકાંઠાના ધાનેરાની સ્થિતિ પણ કંઈક આવી જ હતી. ધાનેરામાં પણ ૨ વાગ્યા સુધીમાં ૪.૫૭ ઈંચ વરસાદ નોંધાયો હતો.

સૌરાષ્ટ્રમાં મેઘમહેર

આ સિવાય સૌરાષ્ટ્રના જામનગરમાં પણ વરસાદી બેટિંગ જોવા મળી હતી. જામનગરના જોડિયા તાલુકામમાં બે વાગ્યા સુધીમાં ૩.૯૮ ઈંચ વરસાદ નોંધાયો હતો. તેમજ બનાસકાંઠાના વડગામ અને દાંતીવાડામાં ૩.૧૯ ઈંચ વરસાદ નોંધાયો હતો.

અમદાવાદ-ગાંધીનગરમાં શું છે સ્થિતિ?

રાજકોટમાં પણ આજે મેઘમહેર જોવા મળી હતી. હવામાન વિભાગની માહિતી અનુસાર, રાજકોટમાં બે વાગ્યા સુધીમાં ૨.૬૮ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ સિવાય અમદાવાદમાં ૧.૦૬ ઈંચ વરસાદ નોંધાયો છે. તેમજ પાટનગર ગાંધીનગરમાં ૦.૫૧ ઈંચ વરસાદ નોંધાયો હતો. અમદાવાદ અને ગાંધીનગરના લોકો હાલ ઝરમર વરસાદનો આનંદ માણી રહ્યા છે.

હવામાન વિભાગની આગાહી

૩ જુલાઈઃ

હવામાન વિભાગ દ્વારા ૩ જુલાઈના દિવસે ૨ જિલ્લામાં ઑરેન્જ ઍલર્ટ અપાયું છે. આ જિલ્લામાં આજે છૂટાછવાયા સ્થળે અતિભારે વરસાદ જોવા મળશે. આ સિવાય ૨૦ જિલ્લામાં યલો ઍલર્ટ જાહેર કરાયું છે. જ્યાં ભારે વરસાદ જોવા મળશે.

- ઑરેન્જ ઍલર્ટઃ બનાસકાંઠા અને સાબરકાંઠા
- યલો ઍલર્ટઃ કચ્છ, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, મહીસાગર, પંચમહાલ, દાહોદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, દીવ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલી.

૪ જુલાઈઃ

હવામાન વિભાગે ૪ જુલાઈના દિવસે ૧૨ જિલ્લામાં યલો ઍલર્ટ આપ્યું છે. જ્યાં છૂટાછવાયો સ્થળોએ ભારે વરસાદ જોવા મળશે.

- યલો ઍલર્ટઃ સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, ગીર સોમનાથ, દીવ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલી

૫ જુલાઈઃ

હવામાન વિભાગે ૫ જુલાઈના દિવસે ૩ જિલ્લામાં ઑરેન્જ ઍલર્ટ આપ્યું છે. આ જિલ્લામાં આજે છૂટાછવાયા સ્થળે અતિભારે વરસાદ જોવા મળશે. આ સિવાય ૧૫ જિલ્લામાં યલો ઍલર્ટ જાહેર કર્યું છે. જ્યાં ભારે વરસાદ જોવા મળશે.

### શુભમન ગિલે ધરાશાયી કર્યો ૩૫ વર્ષ જુનો રેકોર્ડ

# ગિલે મેદાનની ચારે બાજુ શોટ મારીને બેવડી સદી ફટકારી

## આ સાથે ગિલે વિરાટ કોહલી, સુનિલ ગાવસ્કાર, મોહમ્મદ અઝરુદ્દીન અને રાહુલ દ્રવિડનો રેકોર્ડ પણ તોડ્યો

બર્મિંગહામ, તા.૩

ઈંગ્લેન્ડમાં રમાઈ રહેલી ટેસ્ટ સિરીઝ ભારતીય ટીમ માટે મુશ્કેલ માનવામાં આવી રહી હતી. પ્રવાસ પહેલા રોહિત શર્મા અને વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી. સિલેક્ટર્સે યુવા શુભમન ગિલને ટેસ્ટ ટીમનો કેપ્ટન બનાવવાનો નિર્ણય લીધો. આ ખેલાડીએ સતત બંને મેચમાં સદી ફટકારીને પોતાની ક્ષમતા સાબિત કરી બતાવી.

લીડ્સમાં સદી ફટકાર્યા પછી બર્મિંગહામમાં પોતાના ટેસ્ટ કરિયરની સૌથી મોટી ઈનિંગ રમી નાખી. ગિલે અંગ્રેજ બોલર્સની જોરદાર ધોલાઈ કરી છે. તેણે મેદાનની ચારે બાજુ શોટ ફટકારી બેવડી સદી ફટકારી ઈતિહાસ રચ્યો છે. જ્યારે શુભમન ગીલે ૨૦૦ રન નોંધાવ્યા ત્યારે ભારતનો સ્કરો છ વિકેટે ૪૭૨ રન હતો. આ પહેલા ઓપનિંગમાં આવેલા યશસ્વી જયસ્વાલે ૮૭ રન, કે.એલ.રાહુલે બે રન, કરુણ નાયરે ૩૧ રન, રિષભ પંતે ૨૫ રન, નિતિશ કુમાર રેડ્ડીએ ૧ રન, રવિન્દ્ર જાડેજાએ ૮૯ રન નોંધાવ્યા હતા. આ સાથે ગિલે વિરાટ કોહલી, સુનિલ ગાવસ્કાર, મોહમ્મદ અઝરુદ્દીન અને રાહુલ દ્રવિડનો રેકોર્ડ પણ તોડ્યો છે.

બીજી ટેસ્ટ મેચના પહેલા દિવસે શુભમન ગિલ ૧૧૪ રન બનાવીને અણનમ રહ્યો હતો. બીજા દિવસે પણ તે સારી બેટિંગ કરી રહ્યો છે. તેણે ખરાબ બોલનો ખૂબ લાભ લીધો. જ્યારે સારા બોલને સન્માન આપ્યું. તેણે બેવડી સદી પૂરી કરી અને ૨૨૯ રન સાથે ક્રિઝ પર હાજર છે. ભારતીય ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આવું પહેલીવાર થયું છે, જ્યારે કોઈ ભારતીય ટેસ્ટ કેપ્ટને ઈંગ્લેન્ડની ધરતી પર બેવડી સદી ફટકારી હોય. ગિલ પહેલા કોઈ પણ ભારતીય ટેસ્ટ કેપ્ટન ઈંગ્લેન્ડમાં બેવડી સદી ફટકારી શક્યો નહોતો. તેની પહેલા મોહમ્મદ અઝહરૂદ્દીને વર્ષ ૧૯૯૦માં ઈંગ્લેન્ડમાં ૧૭૯ રનની ઈનિંગ રમી હતી. હવે ગિલે તેનો રેકોર્ડ પણ ધરાશાયી કરી નાખ્યો છે.

ભારતીય ટીમ માટે કેપ્ટન શુભમન ગિલે અત્યાર સુધી ઈંગ્લેન્ડના પ્રવાસમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. લીડ્સમાં રમાયેલી પહેલી ટેસ્ટની પહેલી ઈનિંગમાં સદી ફટકારી અને હવે બીજા મુકાબલામાં રમતા પહેલી ઈનિંગમાં પોતાના ટેસ્ટ કરિયરનો સૌથી મોટો સ્કોર બનાવ્યો. પહેલા દિવસે ટોસ હાર્યા પછી ભારતીય ટીમ બેટિંગ કરવા ઉતરી તો તેની શરૂઆત ખૂબ જ ખરાબ થઈ. ૧૫ રન પર પહેલી વિકેટ પડી અને પછી ૯૫ રન પર બીજી વિકેટ ગુમાવી દીધી. શુભમન ગિલે ઈંગ્લેન્ડ સામે બીજી ઈનિંગમાં સદી ફટકાર્યા પછી પોતાની ઈનિંગને આગળ વધારતા મોટું કામ કરી બતાવ્યુ. ટેસ્ટ મેચમાં અત્યાર સુધી ક્યારેય આ ખેલાડીએ ૧૫૦ રન નથી બનાવ્યા, તેમનો સવર્શ્રેષ્ઠ સ્કોર ૧૪૭ રનનો હતો. મેચના બીજા દિવસે પહેલા સેશનમાં શુભમન ગિલે ટેસ્ટમાં પોતાનો શ્રેષ્ઠ સ્કોર બનાવ્યો. આ સાથે તે ભારત તરફથી ૧૫૦ રન બનાવનાર બીજા કેપ્ટન બન્યો. મોહમ્મદ અઝહરુદીનએ ૧૯૯૦માં મેનચેસ્ટરમાં ૧૭૯ રનની ઈનિંગ રમી હતી.

# અજમેરમાં મુશળધાર વરસાદનો કહેર,પૂરની સ્થિતિ સર્જાઇ

અજમેર,તા.૩

રાજસ્થાનના અજમેર શહેરમાં ગઈકાલે માત્ર બે કલાકના મુશળધાર વરસાદે જળતાંડવ મચાવ્યું, જેના કારણે શહેરમાં પૂરની સ્થિતિ સર્જાઈ. આગ્રા ગેટ, કછરી રોડ, વૈશાલી નગર અને નયા બજાર જેવા મુખ્ય રસ્તાઓ તળાવમાં ફેરવાઈ ગયા, જ્યારે નીચાણવાળા વિસ્તારોમાં ઘરોમાં પાણી ઘૂસી જતાં લોકોનું જનજીવન ખોરવાઈ ગયું. આ દરમિયાન એક દુઃખદ ઘટનામાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની જૂની દિવાલ ધરાશાયી થતાં એક યુવાનનું મોત થયું, અને ઘણા લોકો ઘાયલ થયા. આ ઘટનાએ મ્યુનિસિપલ કોર્પોરેશન અને જિલ્લા વહીવટીતંત્રની ચોમાસાની તૈયારીઓના દાવાઓની પોલ ખોલી નાખી.

અજમેરમાં બે કલાકના ભારે વરસાદે શહેરની ડ્રેનેજ સિસ્ટમની નબળાઈઓ ઉજાગર કરી દીધી. આગ્રા ગેટ, કછરી રોડ, વૈશાલી નગર, નયા બજાર અને અન્ય વ્યસ્ત રસ્તાઓ પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો. રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ ગયા, અને વાહનચાલકો તેમજ રાહદારીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. નીચાણવાળા વિસ્તારો જેવા કે નાગરા, શ્રીનગર રોડ અને કેસરગંજમાં ઘરોમાં પાણી ઘૂસી જતાં લોકોની ઘરવખરીની વસ્તુઓને નુકસાન થયું.

આ ઘટનાએ શહેરની ડ્રેનેજ સિસ્ટમની ખામીઓને ઉજાગર કરી, જેના કારણે વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થઈ શક્યો નહીં. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચોમાસા પહેલાં નાળા સફાઈ અને ડ્રેનેજ સુધારણાના કરવામાં આવેલા દાવાઓ ખોટા સાબિત થયા. વરસાદના કહેર વચ્ચે સૌથી દુઃખદ ઘટના કલેક્ટર કચેરીની સામે રેવન્યુ બોર્ડ રોડ પર બની, જ્યાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની જૂની દિવાલ ભારે વરસાદને કારણે ધરાશાયી થઈ. ફાયર વિભાગના ફાયર ફાઈટર ત્રિલોક સિંહના જણાવ્યા અનુસાર, દિવાલ ધરાશાયી થવાના સમયે રસ્તા પરથી પસાર થતા ઘણા લોકો તેની નીચે દબાઈ ગયા. આ અકસ્માતમાં એક યુવાનનું મોત થયું, જ્યારે અન્ય ઘણા લોકો ઘાયલ થયા. આ ઘટનાએ શહેરની જૂની ઈમારતોની જર્જરિત સ્થિતિ અને જાળવણીના અભાવ પર પણ સવાલો ઉભા કર્યા.

ભારે વરસાદે અજમેરના નીચાણવાળા વિસ્તારોમાં વિનાશ વેર્યો. નાગરા, શ્રીનગર રોડ અને કેસરગંજ જેવા વિસ્તારોમાં ઘરોમાં પાણી ઘૂસી જતાં રહેવાસીઓની મૂલ્યવાન વસ્તુઓ અને ઘરવખરીનું નુકસાન થયું. રસ્તાઓ પર થયેલા જળબંબાકારના કારણે ટ્રાફિક જામ થયો, અને લોકોને ઘરે પરત ફરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. વેપારીઓ અને દુકાનદારો પણ પાણી ભરાવાને કારણે મુશ્કેલીમાં મૂકાયા, કારણ કે ઘણી દુકાનોમાં પાણી ઘૂસી ગયું હતું.

અજમેર મ્યુનિસિપલ કોર્પોરેશન અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ચોમાસા પહેલાં કરવામાં આવેલી તૈયારીઓના દાવાઓ આ ભારે વરસાદે ખોટા સાબિત કર્યા. નાળાઓની સફાઈ અને ડ્રેનેજ સિસ્ટમની સુધારણાના દાવાઓ હોવા છતાં, શહેરના મુખ્ય રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયું. આ ઘટનાએ વહીવટી નિષ્ફળતા અને આયોજનના અભાવને ઉજાગર કર્યો, જેના કારણે રહેવાસીઓને ભારે હાલાકી ભોગવવી પડી.

### હવે નવી પોલિસી બનાવાશે

# ૧૫ વર્ષ જૂના વાહનો પર પ્રતિબંધ મુદ્દે દિલ્હી સરકારનો યુ-ટર્ન

## ૧૦ વર્ષ જૂના ડીઝલ તેમજ ૧૫ વર્ષ જૂના સીએનજી અને પેટ્રોલ વાહનો પર પ્રતિબંધ મૂકતી પોલિસી જાહેર કરી હતી

નવી દિલ્હી, તા.૩

નવી દિલ્હીમાં ૧ જુલાઈથી લાગુ ઍન્ડ ઑફ લાઈફ વ્હિકલ (ELV) પોલિસી હેઠળ વાહનોને બંધ કરવાનો નિર્ણય પાછો ખેંચ્યો છે. દિલ્હી સરકારના પર્યાવરણ મંત્રી મનજિંદર સિંહ સિરસાએ નવી દિલ્હીમાં લાગુ કરવામાં આવેલા ઈન્ફ નિયમ મુદ્દે પ્રદૂષણ વિભાગના CAQM (કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ)ને ઔપચારિક પત્ર લખી તેની પ્રમુખ ખામીઓ ઉજાગર કરી તેને પાછો ખેંચવાનો નિર્ણય જણાવ્યો હતો. જેથી આ નિયમની પુનઃસમીક્ષા કરવાની માગ ઊભી થઈ છે.

સરકારે જણાવ્યું કે, વર્તમાનમાં દિલ્હીમાં આ નિયમ લાગુ કરવો અસંભવ છે. કારણકે, પ્રજાને તેનાથી હાલાકીનો સામનો કરવો પડ્યો છે. વ્યવહારિક ધોરણે પડકારો નડી રહ્યા હોવાથી જ્યાં સુધી સમગ્ર NCRમાં આ નિયમ સમાન રૂપે લાગુ નહીં થાય ત્યાં સુધી દિલ્હીમાં તેનો અમલ કરાશે નહીં. જેથી હવે ૧૫ વર્ષ જૂના વાહનોને ફરી પેટ્રોલ-ડીઝલ મળશે. રાજ્ય સરકારે આ નિયમ હેઠળ ૧૫ વર્ષ જૂના વાહનો પર પ્રતિબંધ લાદતા પેટ્રોલ-ડીઝલ આપવાનો મનાઈ કરતો હુકમ રજૂ કર્યો હતો.

પ્રદૂષણ ઘટાડવાના ઉદ્દેશ સાથે રાજ્ય સરકારે ૧૦ વર્ષ જૂના ડીઝલ તેમજ ૧૫ વર્ષ જૂના સીએનજી અને પેટ્રોલ વાહનો પર પ્રતિબંધ મૂકતી પોલિસી જાહેર કરી હતી. જે અંતર્ગત આ વાહનોને પેટ્રોલ-ડીઝલ કે ગેસ આપવાની મનાઈ કરવામાં આવી હતી. જો કે, પોલિસીમાં અનેક ખામીઓ હોવાની ફરિયાદો તેમજ સ્થાનિકોને પડી રહેલી હાલાકીને ધ્યાનમાં લેતાં તેને રદ કરવા નિર્ણય લીધો છે.

# યુ. કે. ખાતે આઈસીએની સામાન્ય સભામાં દિલીપ સંઘાણીની ઉપસ્થિતિ










મેન્ચેસ્ટર (યુ.કે.) ખાતે આંતરરાષ્ટ્રીય સહકારી ગઠબંધન (આઈસીએ)ની સામાન્ય સભાનું આયોજન થયુ હતું. જેમાં આઈસીએનાં અધ્યક્ષ એરીયલ ગુઆરકોની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. આ મહત્વપુર્ણ સંમેલનમાં ભારત તરફથી દિલીપ સંઘાણી ઉપસ્થિત રહયા હતા. દિલીપ સંઘાણીએ આયસીએના અધ્યક્ષ ગુઆરકોસાથે શિષ્ટાચાર મુલાકાત કરી અને સહકારી ક્ષેત્રના વૈશ્વિક મુદ્દાઓ પર વિચાર વિમર્શ કર્યો હતો. જેમાં ભારતની સહકાર શકિતએ સમગ્ર દેશમાં સહકારી પ્રવૃતિના માધ્યમથી અનેક ક્ષેત્રીય પ્રદેશોમાં વિકાસની હરણફાળ ભરીછે. આશકિત, વ્યવસ્થા અને વિકાસની સહકારી પ્રવૃતિના માધ્યમથી દેશ–દુનિયાને જોડવાનું કામ સહકાર કરશે તેવો આત્મવિશ્વાસ યુ.કે.ના મેન્ચેસ્ટર ખાતે યોજાયેલ આઈસીએની સામાન્ય સભામાં આઈસીએના અધ્યક્ષ એરીયલ ગુઆરકો, ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી એ સુરવ્યકત કરતા જણાવેલ ભારતનું પ્રતિનિધિ મંડળ યુકેના પ્રવાસે છે. જેમાં સંઘાણી સહિત વિશ્વના વિવિધ દેશોથી આવેલા સહકારી નેતાઓ સામેલ છે તથા ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ધ્વારા નવેમ્બર–૨૦૨૪માં નવી દિલ્હી ખાતે જાહેર કરાયેલા આંતરરાષ્ટ્રીય સહકારીતાવર્ષ (International Year Of Cooperative-IYC 2025)ની માહિતી પણ શેર કરી હતી. દિલીપ સંઘાણીએ આઈ.સી.એ.ની સામાન્ય સભામા વિશ્વના દેશોથી આવેલા સહકારી નેતાઓ સાથે ભારતમાં IYC 25ના અન્વયે અમલમાં મુકાયેલા સહકારી પ્રવૃતિ અને યોજનાઓની માહિતી આપી હતી. જેમાં ઈફકોની ઉપલબ્ધીઓ સાથો સાથ ધાન ઉત્પાદનને અગ્રતા આપવાનું પણ ચર્ચામા જણાવાયેલ સહકારી પ્રવૃતિથી આત્મનિર્ભર બનવા નાગરિકોને તમામ પ્રકારની ટ્રેનિંગ અન માર્ગદર્શન આપવામાં આવે છે. જેવા વિવિધ મુદાઓની જાણકારી આપવામાં આવી હતી. અત્રે નોંધવુ ઘટયુ હતું. કે આ બેઠકમાં દિલીપ સંઘાણીની હાજરીને વિશેષ મહત્વ મળ્યુ અને તેઓએ ભારતના સહકારી આંદોલનને વૈશ્વિક મંચ પર ઉતમ રીતે રજુ કયુ હતું. આ તકે આઈસીએ એશીયાના ચેરમેન ડો. ચંદ્રપાલસિંહ યાદવ, ડો. યુ.એસ. અવસ્થી, ગુજરાત મહિલા કેડિટ કો.ઓપરેટીવ સોસાયટીના ચેરમેન ગીતાબેન સંઘાણી, મનીષભાઈ સંઘાણી, ઈફકોના ડાયરેકટર ભાવેશભાઈ રાદડીયા સહિત સહકારી મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. તેમ અખબારી યાદીમાં અંત જણાવાયેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## જાફરાબાદમાં ઠેક ઠેકાણે

મેનેજમેન્ટ પાલિકાના એન્જીનીયર દ્વારા કરવામાં આવ્યું નથી અહીં ગટરના પાણી તથા વરસાદી પાણી બારેમાસ આ મેનરોડ ઉપર વગર વરસાદે પાણી ભરાયેલા રહેશે આ ગંધાતા પાણી માંથી રાહદારીઓ તથા નાના ભૂલકાઓ અને વિધાર્થીઓ ચાલવા મજબુર પરંતુ પાલિકા દ્વારા આ વિસ્તારમાં ખદબદતી ગંદકી સામે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. તેમજ બાલકૃષ્ણ સોસાયટી ભૂતડા દાદાના મંદિરની બાજુમાં જ ખદબદતી ગંદકી અને ખડકાયેલો ઉકરડો ખદબદતી ગંદકી જોવા મળી રહી છે. હાલમાં આજુબાજુમાં રહેણાંક મકાનોમાં ઘરે ઘરે લગ્ન ચાલુ હોય તેવામાં પાલિકા દ્વારા સારી એવી સવલતો દેવાને બદલે નિંદ્રાધીન બન્યું હોય તેવું જોતા લાગી રહ્યું છે. અહીં ડોર ટુ ડોર ગાડી આવતી હોય પરંતુ ઉપરના વિસ્તારોમાં કચરો લેવા ગાડી જાતી નથી અહીંથી ચુંટાયેલા સભ્યો આ વિસ્તારમાં જોવા કે ડોકાવા પણ આવતા નથી જયારે લોકોની જરૂર હતી ત્યારે આ વિસ્તારોમાં રહેતા નાગરિકોને મોટી મોટી ગુલબાંગો ફેંકી ગયા હવે દિવો કરે દેખાતા નથી આ વોર્ડ નંબર ૩ માં ખદબદતી ગંદકીના કારણે રોગચાળો ફેલાય તેવી દહેશત હોય પરંતુ પાલિકા દ્વારા સાફસફાઈ પણ કરવામાં આવતી નથી અહીંના રહીશો પાલિકાને દરેક સ્તરે વેરા ભરવા છતાં પણ નર્ક જેવી સ્થિતિ રહેવું પાડી રહ્યું છે. આ વોર્ડ નંબર ૩, ૪, શું જાફરાબાદ નગરપાલિકાના નકશામાં નથી આવતું આ બંને વોર્ડમાં ઠેકઠેકાણે ગટરો ઉભરાતી હોય ઠેરઠેર ઉકરડા ઓ ખડકાયેલા હોય હાલતમાં ચોમાસાના લીધે થોડા ઘણા વરસાદના કારણે અમુક અમુક વિસ્તારોમાં દરિયાઈ ખાડી જેવા દ્રશ્યો જોવા મળી રહ્યાં છે. અને અમુક અમુક વિસ્તારોમાં તો કાદવ કીચડ જેવા દ્રશ્યો જોવા મળી રહ્યાં છે. પરંતુ જવાબદાર પાલિકા ફકતને ફકત વેરો વસૂલવા માટે જ હોય જે વેરો વસૂલવામાં આવી રહ્યો છે. તે મુજબની સુવિધાઓ આપવામાં આવતી નથી આ બાલકૃષ્ણ સોસાયટી ભૂતડા દાદાના મંદિર બાજુમાં ખડકાયેલો ઉકરડાના કારણે મચ્છરોનો તથા માખીઓ અને જીવજંતુનો ઉપદ્રવ વધી રહ્યો છે. તેના લીધે ગંભીર રોગચાળો ફેલાય તો જવાબદારી કોની..?? આ વિસ્તારોમાં પાલિકા દ્વારા સાફસફાઈનો વેરો ૭૨ રૂપિયા વસૂલાત કરવામાં આવે છે. પરંતુ સાફસફાઈ કરવામાં આવતી નથી અહીં અવારનવાર ગટરોના ડ્રેનેજ પાણી રોડ ઉપર ચડતાં હોય પરંતુ જવાબદાર પાલિકા સાફસફાઈ કરવાને બદલે કુંભકર્ણ નિંદ્રામાં સુતેલું જોવા મળી રહ્યું છે. સ્વચ્છતા હી સેવા અભ્યાસના નામે ફોટા સેશન કરવામાં આવી રહ્યા છે. પરંતુ સામાકાંઠા વિસ્તારમાં ખદબદતી ગંદકીની સાફસફાઈ કયારે કરવામાં આવશે ફકતને ફકત ફોટાઓ પાડીને ઉચ્ચ અધિકારીઓને મોકલી દેવામાં આવે છે. અને ઉંધા ચશ્મા પહેરાવી દેવામાં માહીર જાફરાબાદ નગરપાલિકા આ વિસ્તારોમાં ડીડીટીનો પણ છંટકાવ કરવામાં આવતો નથી ગટરના પાણીથી તળાવ ભરેલા હોય અને કાદવકીચડનું સામ્રાજય ફેલાયેલું હોવાથી અને પાણી ભરાયેલા હોય જેથી મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે. જેના લીધે ચિકનગુનિયા, ડેંગ્યૂ, મેલેરિયા જેવા રોગો પગપેસારો કરે તે પહેલાં જવાબદાર પાલિકા કુંભકર્ણ નિંદ્રામાં સુતેલી જાગે અને યુધ્ધના ધોરણે સામાકાંઠા વિસ્તારોમાંથી ખદબદતી ગંદકી ઉપાડવામાં આવે તેવી માંગ વોર્ડ નંબર ૩ના નાગરિકોમાંથી ઉઠી રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## રાજુલાના ૫૫ વર્ષિય પ્રૌઢનો

(ઉંમર આશરે ૫૫ વર્ષ) રહેવાસી રાજુલા તરીકે કરવામાં આવી હતી. મૃતક રાજુલા વિસ્તારના હોવાનું જાણવા મળ્યું.

પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરતાં જાણવા મળ્યું કે ગિરધરભાઈ ખાનગી ટ્રાવેલ્સમાં મહેતાજી તરીકે ફરજ બજાવતા હતા. તેમનું મૃત્યુ કેવી પરિસ્થિતિમાં થયું છે તે હજી સુધી સ્પષ્ટ બન્યું નથી, પરંતુ ઘટના શંકાસ્પદ જણાઈ રહી છે. પોલીસે તમામ પાસાંઓને ધ્યાને રાખીને તપાસ આગળ ધપાવવાનું શરૂ કર્યું છે.

લાશને વધુ તપાસ માટે ધંધુકાની રેફરલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવી છે. પોસ્ટ મોર્ટમ રિપોર્ટ મળ્યા બાદ મૃત્યુના કારણ અંગે વધુ સ્પષ્ટતા થવાની સંભાવના છે. બીજી તરફ મૃતકના પરિવારજનોને જાણ કરવામાં આવી છે અને તેમના નિવેદનો પણ લેવામાં આવી રહ્યાં છે.

આ ઘટના સંબંધે ધંધુકા પોલીસ મથકમાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ધોલેરા વિસ્તારમાં પણ પુછપરછ શરૂ કરવામાં આવી છે જેથી જો કોઈ જાતની ગુનાહિત પ્રવૃત્તિ સંકળાયેલી હોય તો તે બહાર આવી શકે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી સખી વનસ્ટોપ સેન્ટરની

મદદ, કાનૂની મદદ, તબીબી સહાય, હંગામી ધોરણે આશ્રય તેમજ સામાજિક પરામર્શ તેમજ કાયદાકીય મદદ જેવી સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

એક સતર વર્ષીય તરૂણી ઘરેથી નવી માતા અને પિતાનો ત્રાસ હોય જાતે સેન્ટર પર મદદ માટે આવેલી હતી. તરૂણી જયારે નાની વયની હતી ત્યારે તેણીના માતાનું અવસાન થયું હતું. આથી તે તરૂણી અને તેનો નાનો ભાઈ છેલ્લા સાત આઠ વર્ષથી તેમના મામાના ઘરે રહેતા હતા. આ દરમિયાન તેમના પિતાએ બીજા લગ્ન કરેલ. સાવકી માં અને તરૂણીને એકબીજા સાથે બનતું ન હોય, તરૂણી વેકશનમાં પોતાના પિતાના ઘરે રોકાવવા જાય ત્યારે પણ તેમની સાવકી માતા તરૂણીને માનસીક ત્રાસ આપતા હોય, અને આ બાબતે તેમના પિતા પણ તેની દિકરીનો પક્ષના લેતા તરૂણી મનમાંને મનમાં મુજાયા કરતી. પરંતુ ૧૦માં ધોરણમા માત્ર એક વિષયમા નાપાસ થતા. તેણી કંટાળીને ઘરેથી નીકળી ગયેલા તરૂણી અભ્યાસમા કઈ કરી નહિ શકે તેવી લઘુતાગ્રંથીથી પીડાતી હોય દિકરીએ અભ્યાસ છોડી દેવાનું નક્કી કર્યું હતું. જયારે તે તરૂણી સેન્ટર પર આવેલ ત્યારે માનસિક રીતે ખૂબજ હતાશ હતી અને તે પોતાના પિતા કે મામાના કોઈના ઘરે જવા માંગતી નહોતી. સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારી અને કેન્દ્ર સંચાલક દ્વારા તેમનું કાઉન્સલીંગ કરવામાં આવ્યું અને ૨ દિવસ સુધી અહિયાં સેન્ટર પર આશ્રય આપીને તેમની સાથે પરામર્શ કરતા તરૂણી આગળના અભ્યાસ માટે તૈયાર થઈ. સખી વનસ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક રત્નાબેન ગોસ્વામીએ તરૂણીને સમજાવતા તરૂણી અન્ય વિષયોમાં ૭૦ ગુણ કરતા વધુ ગુણ મેળવેલ હોય તો ફક્ત એક વિષય માટે અભ્યાસ ન મુકવો જોઈએ અને તરૂણી ભણવામાં અન્ય વિષયોમાં નિપુણ હોય અભ્યાસ કરીને પોતાના પગભર થવું જોઈએ તેવું માર્ગદર્શન આપતા, દિકરીનું મન પરિવર્તન થતા તરૂણી તેમના પિતાના ઘરે રહેવા અને તેનો આગળનો અભ્યાસ પૂર્ણ કરવા સહમત થઈ. ત્યારબાદ તેમના પિતાને સેન્ટર પર બોલાવીને તરૂણીને માનસિક રીતે ત્રાસનો આપવા અને તેમને જેમ તેમના કહેવા સમજાવવામાં આવ્યા.

આમ સેન્ટરના પ્રયત્નોથી અને સમજાવટથી તેમના પિતાને તેની ભૂલ સમજાયેલ અને હવે પછી દિકરીની અભ્યાસ તેમજ અન્ય જવાબદારી પિતા નિભાવશે તેવું જણાવેલ. તરૂણી અને તેના પિતા વચ્ચે સુખદ સમાધાન થયેલ. તરૂણીના પ્રશ્નોનું નિરાકણ થતા તેમના પિતાને સોપીને તરૂણીનું તેના પરિવારમાં પુનઃસ્થાપન કરવામાં આવ્યું.

પાના ૧ ઉપરનું ચાલું

## આંબરડી ગામે

ભેંસનું ટોળું પસાર થઈ રહ્યું હતું જેમાં આંબરડી ગામના મનુભાઈ રામજીભાઈ પરમારની એક ભેંસ પાછળ રહી ગઈ હતી ત્યારે ચાલતી આવતી ભેંસ ઉપર વીજ પોલ પરથી એકાએક જીવતો વીજ તાર પડતાં સ્થળ પર જ ભેંસનું કમકમાટી ભર્યુ મોત નિપજયું હતું, સદનસીબવાત એ ગણાય કે ભેંસની બરાબર પાછળ રહેલ માલધારી વજુભાઈનો ચમત્કારિક બચાવ થયો હતો. ભેંસના માલિક મનુભાઈ એ જણાવ્યું હતું કે પોણા બે લાખ જેવી કિંમતી ભેંસનું અચાનક મોત નીપજતાં હું મારો પરિવાર ખૂબ આઘાત અનુભવી રહ્યા છીએ.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી ડિવિઝનની તમામ પોસ્ટ ઓફિસમાં

આપણા પ્રવાસમાં એક મોટું પગલું છે. આ રૂપાંતરક પહેલના ભાગરૂપે, અપગ્રેડેડ સિસ્ટમને તા.૨૨/૭/૨૫ના રોજ અમરેલી ડિવિઝનની તમામ પોસ્ટ ઓફિસમાં લાગુ થશે.

આ અદ્યતન ડિજિટલ પ્લેટફોર્મ પર સરળ અને સુરક્ષિત પરિવર્તન સુનિશ્ચિત કરવા માટે તા.૨૧/૭/૨૦ના રોજ એક આયોજીત ડાઉનટાઈમ રાખવામાં આવ્યું છે. તા.૨૧/૭/૨૦૨૫ સોમવારના રોજ, અમરેલી ડીવીજનની તમામ પોસ્ટ ઓફિસોમાં કોઈપણ જાહેર વ્યવહાર કરવામાં આવશે નહિ.

ડેટા સ્થળાંતર, સિસ્ટમ માન્યતા અને ગોઠવણી પ્રક્રિયાઓને સરળ બનાવવા માટે, નવી સિસ્ટમ સરળતાથી અને કાર્યક્ષમ રીતે કાર્યરત થાય તે સુનિશ્ચિત કરવા માટે આ સેવાઓને લગતી કામગીરી કામચલાઉ રીતે બંધ રાખવી જરૂરી છે.

APT એપ્લિકેશનએ વધુ સારો વપરાશકર્તા અનુભવ, ઝડપી સેવા પ્રદાન અને વધુ યુઝર ફ્રેન્ડલી ઈન્ટરફેસ પ્રદાન કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે, જે ડિજિટલ રીતે સક્ષમ, કાર્યક્ષમ અને ભવિષ્ય માટે તૈયાર પોસ્ટલ કામગીરી પ્રદાન કરવાની અનિવાર્ય પ્રતિબદ્ધતા દર્શાવે છે.

તેઓ પોસ્ટ ઓફિસમાં મુલાકાત માટે અગાઉથી યોજના બનાવે અને આ સંક્ષિપ્ત વિક્ષેપ દરમિયાન પોસ્ટ ઓફિસને સહયોગ કરે તેવો અનુરોધ મૂલ્યવાન ગ્રાહકોને કરવામાં આવ્યો છે.

પગલાં દરેક નાગરિકને શ્રેષ્ઠ, ઝડપી અને વધુ ડિજિટલ રીતે સક્ષમ સેવાઓ પ્રદાન કરવાની ખાતરી માટે લેવામાં આવ્યા છે તેમજ કોઈ પણ અસુવિધા માટે ખેદ વ્યકત કરવાની સાથે પોસ્ટ વિભાગ દ્વારા ખાતરી પણ આપવામાં આવી છે, તેમ અમરેલી ડિવિઝનના સુપ્રિટેન્ડેન્ટએ એક યાદીમાં જણાવ્યું છે.


## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં //**

નં.મરણ નોંધણી/અરજી નં.૩૩/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) શ્રી રણજીતભાઈ કેશવલાલ જયસ્વાલ, રે.મોટી કુંકાવાવ, તા.વડીયા, જિ. અમરેલી

**એડવોકેટ : યોગેશ ડી. દવે, રહે. મોટી કુંકાવાવ મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી મોટી કુંકાવાવ, તા. વડીયા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી રણજીતભાઈ કેશવલાલ જયસ્વાલના માતાશ્રી **ચંદ્રિકાબેન કેશવલાલ જયસ્વાલનું અવાસન તા. ૧૫/૦૭/૧૯૭૫ના રોજ મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણો તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી વડીયા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૦૩/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિકકો

**તાલુકા એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ વડીયા**


પાના ૧ ઉપરનું ચાલું

## સાવરકુંડલાના ઈસમની પાસા હેઠળ

કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી તરફ મોકલી આપેલ હતી.

ગેરકાયદેસર પ્રવૃતિ કરતા અને સમાજ વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજ દ્વારા આ બુટલેગર વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં, અમરેલી પોલીસ અધિક્ષની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા શિલ્પેશ ઉર્ફે શિલ્પો બાલુભાઈ વાળાને પાસા વોરંટની બજવણી કરી, મધ્યસ્થ જેલ, સુરત ખાતે અટકાયત કરી મોકલી આપેલ છે.


## જાહેર નોટિસ

**ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ**

આથી હું નીચે સહી કરનાર : **કિશોરકુમાર એમ. પાઠક, (એડવોકેટ–નોટરી)** રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદીર રોડ, લીલીયા મોટા, તે મારા અસીલ ખેતીની જમીન ખરીદનારઃ– **રોહિત રમણીકભાઈ ડોબરીયા, રહે. ખામટા, તા. પડધરી, જિ. રાજકોટ** વાળાની સુચના અને ફરમાઈશ મુજબ લાગતા વળગતાને જાણ કરવાની કે...

અમરેલી જિલ્લાના **લીલીયા તાલુકા**ના મોજે : **આંબા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડની ખેતીની જમીનો આવેલ છે. તે ખેતીની જમીનો અમારા અસીલ રજી. વેચાણ દસ્તાવેજથી **(૧) કાંતાબેન મધુકાંતભાઈ તેરૈયા (૨) દિપેશ મધુકાંતભાઈ તેરૈયા (૩) પારસ મધુકાંતભાઈ તેરૈયા,** રહે.ઠે. બ્લોક નં. સી–૩૪, ઘનશ્યામ રેસીડેન્સી, પોપટપરા, મુ. રાજકોટ, જિ. રાજકોટ વાળા પાસેથી વેચાણ લેવા (ખરીદવા) માંગે છે. જે જમીનોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | નામ | ખાતાનંબર | સર્વે નંબર | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | કાંતાબેન મધુકાંતભાઈ તેરૈયા | ૧૩૧૮ | ૨૧૬/પૈકી ૩ /પૈકી ૨ | ૦–૮૩–૯૭ |
| ૨ | દિપેશ મધુકાંતભાઈ તેરૈયો | | | |
| ૩ | પારસ મધુકાંતભાઈ તેરૈયા | | | |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીન સંબંધે કે તેના કબ્જા સંબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હક્ક–હિસ્સો, બક્ષીસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંક સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને ઉપર આપેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે દીન–૭ (સાત)માં જાણ કરવી, જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી તેમ માનીને આપનો હક્ક જતો વેવ કરેલ છે. તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ ઉપર આપેલ બન્ને વ્યકિતઓ પાસેથી ઉપર આપેલ અમારા અસીલના નામે કરાવી આપીશું. ત્યારબાદ જો કોઈના વાંધા તકરાર અમારા અસીલના હક્ક, હીત, હીસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી**
**રોહિત રમણીકભાઈ ડોબરીયા**

**તારીખ : ૦૩/૦૭/૨૦૨૫**

**રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદિર રોડ, લીલીયા મોટા, મો. ૯૪૨૭૪ ૨૯૫૯૦**

**કિશોરકુમાર એમ.પાઠક**
(એડવોકેટ એન્ડ નોટરી)


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૭૦ | ૧૦૫૦ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૦૯૩ |
| ૩ | શિંગદાણા | ૧૩૩૬ | ૧૫૭૧ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૪૮૪ |
| ૫ | તલ સફેદ | ૧૧૧૫ | ૨૧૮૬ |
| ૬ | તલ કાળા | ૧૯૦૦ | ૩૬૬૮ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૨૩૯૦ |
| ૮ | બાજરો | ૩૦૨ | ૫૫૧ |
| ૯ | જુવાર | ૫૫૫ | ૬૯૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૩૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૯ | ણ૩૭ |
| ૧૨ | મકાઈ | ૪૩૬ | ૫૭૭ |
| ૧૩ | મગ | ૧૦૭૫ | ૧૩૯૯ |
| ૧૪ | અડદ | ૯૧૫ | ૧૬૬૨ |
| ૧૫ | ચણા | ૧૦૦૦ | ૧૧૨૫ |
| ૧૬ | ચણા સફેદ | ૧૦૮૭ | ૧૦૯૮ |
| ૧૭ | છોલે ચણા | ૧૧૫૫ | ૧૮૮૨ |
| ૧૮ | તુવેર | ૧૦૪૦ | ૧૨૫૧ |
| ૧૯ | કપાસ | ૭૧૫ | ૧૬૫૮ |
| ૨૦ | એરંડા | ૧૨૦૦ | ૧૨૯૬ |
| ૨૧ | જીરૂ | ૨૨૧૦ | ૪૦૯૦ |
| ૨૨ | રાય | ૧૨૫૦ | ૧૩૩૦ |
| ૨૩ | ધાણી | ૧૦૭૦ | ૧૩૪૧ |
| ૨૪ | મેથી | ૬૦૫ | ૮૦૧ |
| ૨૫ | સોયાબીન | ૫૪૫ | ૮૦૧ |
| ૨૬ | કાંગ | ૫૦૦ | ૫૫૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૧૦ | ૧૦૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૩૦ | ૧૧૦૦ |
| ૩ | શીંગ ઉનાળુ | ૯૫૦ | ૧૧૭૦ |
| ૪ | શીંગ દાણા | ૧૨૫૦ | ૧૪૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૪૫૦ | ૧૯૪૦ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૩૭૨૦ |
| ૭ | જીરૂ | ૨૬૦૦ | ૩૮૫૦ |
| ૮ | કપાસ | ૧૫૦૦ | ૧૬૧૪ |
| ૯ | ઘઉં લોકવન | ૪૧૧ | ૫૧૩ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૪૦ |
| ૧૧ | બાજરો | ૩૧૧ | ૪૧૫ |
| ૧૨ | જુવાર | ૪૨૦ | ૭૮૫ |
| ૧૩ | મગ | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ૧૪ | અડદ | ૬૦૦ | ૧૧૨૦ |
| ૧૫ | ચણા | ૧૦૭૫ | ૧૧૨૨ |
| ૧૬ | તુવેર | ૮૫૦ | ૧૨૦૦ |
| ૧૭ | મેથી | ૬૦૦ | ૮૦૦ |
| ૧૮ | ધાણા | ૭૫૦ | ૧૨૫૦ |
| ૧૯ | સોયાબીન | ૭૦૦ | ૭૩૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૩૦૦ | ૪૯૦ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૪૬૦ |
| ૩ | બાજરો | ૪૧૦ | ૪૧૦ |
| ૪ | ચણા | ૧૦૩૫ | ૧૦૬૫ |
| ૫ | ધાણા | ૧૧૯૦ | ૧૨૦૫ |
| ૬ | શીંગફાડા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૭ | મગફળી | ૯૧૫ | ૯૬૫ |
| ૮ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૨૦ |
| ૯ | સોયાબીન | ૬૨૫ | ૭૮૫ |
| ૧૦ | મગ | ૧૧૦૦ | ૧૨૯૦ |
| ૧૧ | તુવેર | ૯૦૦ | ૧૨૫૫ |
| ૧૨ | શીંગદાણા | ૧૪૫૦ | ૧૫૦૦ |
| ૧૩ | કાંગ | ૩૧૫ | ૩૧૫ |
| ૧૪ | તલ કાળા | ૧૧૧૦ | ૧૧૧૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૭૦ | ૧૬૮૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૬૦ | ૧૫૬૦ |
| ૩ | મગફળી | ૧૦૩૫ | ૧૦૭૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૯૦ | ૧૭૫૦ |
| ૫ | ચણા | ૧૦૫૫ | ૧૦૯૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૧૦ | ૭૧૦ |
| ૨ | તલ સફેદ | ૧૫૨૫ | ૧૮૨૬ |
| ૩ | તલ કાળા | ૨૮૦૦ | ૩૫૦૦ |
| ૪ | કપાસ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૫ | બાજરો | ૩૯૭ | ૪૪૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૬૬ | ૫૩૧ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૮૫૧ |
| ૮ | મગ | ૧૨૭૦ | ૧૪૧૧ |
| ૯ | તુવેર | ૧૧૬૧ | ૧૧૬૧ |
| ૧૦ | ચણા | ૧૦૭૦ | ૧૧૧૧ |
| ૧૧ | જીરૂ | ૩૬૦૦ | ૩૬૦૦ |
| ૧૨ | મેથી | ૭૫૦ | ૭૫૦ |

# અમરેલી : શિક્ષણ વિભાગ દ્વારા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના નવનિયુક્ત શિક્ષકોને નિમણુંક પત્ર અપાયા






ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ભરતી – ૨૦૨૪ અંતર્ગત રાજયની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે નવનિયુક્ત શિક્ષકોને નિમણુંક પત્રો વિતરણ કરવામાં આવ્યા હતા. કુલ – ૬ શિક્ષકોને અમરેલી ખાતે મહેમાનોની ઉપસ્થિતિમાં નિમણુંક પત્રો આપવામાં આવ્યા. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા મહાનુભાવોમાં જેમાં જિલ્લા શિક્ષણાધિકારી એમ.બી. ગોહિલ, ઈ.આઈ. ભાવનાબેન પટેલ, જિલ્લા ભરતી નોડલ આશીષભાઈ જોષી, સુનિલભાઈ ગોયાણી (આચાર્ય વર્ગ – ૨), આચાર્ય અરૂણાબેન માલાણી (એમ.વી. પટેલ વિદ્યાલય), કૈલાશબેન મકવાણા (એ.ઈ.આઈ), હિરલબેન, ચૌહાણભાઈ, સરકારી માધ્યમિક સંઘના પ્રમુખ હિરેનભાઈ બગડા, રાષ્ટ્રીય શૈક્ષણિક ઉચ્ચતર માધ્યમિક સંઘના પ્રમુખ બાબુભાઈ વાઘ, જયેશભાઈ મકવાણા, કુંજલભાઈ સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી. નવી નિમણુંક મેળવનાર તમામ શિક્ષકોને સરકારી શાળામાં ભણતા તમામ બાળકોના ભવિષ્ય ઘડતર, સંસ્કારોના સિંચન સાથે નિષ્ઠાપૂર્વકર કાર્ય સાથે આગામી સમયમાં વિદ્યાર્થીઓના સમગ્ર ઘડતર સાથે સફળતા સાથે નવા કાર્ય માટે અભિનંદન આપવામાં આવ્યા હતા. તથા તેમની જવાબદારીની શરૂઆત માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી. આ કાર્યક્રમના અનુસંધાનમાં શૈક્ષણિક ગુણવત્તા વધારવાના સંકલ્પ સાથે શિક્ષણ વિભાગે એક મહત્વપૂર્ણ પગલું ભર્યુ છે. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી – અમરેલીની યાદીમાં જણાવવામાં આવે છે.

### ૯ દિવસ ડિજિટલ અરેસ્ટ, ૩ કરોડ ગુમાવ્યા

## સુપ્રીમ કોર્ટની વકીલ સાઈબર ક્રિમિનલ્સના જાળમાં ફસાઈ

### આરોપીઓએ દિલ્હી, મહારાષ્ટ્ર અને કોલકાતામાં ખોલવામાં આવેલા બેંક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરાવ્યા

નવી દિલ્હી, તા.૩

સાઈબર ક્રિમિનલ્સે નોઈડા સેક્ટર-૪૭માં રહેનારી સુપ્રીમ કોર્ટની વકીલ રહી ચૂકેલી વૃદ્ધ મહિલાને ૯ દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ કરીને ૩ કરોડ ૨૯ લાખ રૂપિયા ઠગી લીધા. આરોપીઓએ તેમની પાસે દિલ્હી, મહારાષ્ટ્ર અને કોલકાતામાં ખોલવામાં આવેલા બેંક અકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરાવ્યા. એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, આ પૈસા ભાડાના ખાતામાં ટ્રાન્સફર કરાવવામાં આવ્યા છે.

પૂછપરછમાં સામે આવ્યું છે કે, આ સાઈબર ક્રિમિનલ્સે મહિલાને ૧૬ જૂનથી ૨૪ જૂન સુધી ડિજિટલ અરેસ્ટ કરીને રાખી હતી. તેમણે મહિલાના બેંક ખાતાઓ અને તેમાં જમા થયેલી રકમ વિશે માહિતી એકઠી કરી. મહિલાને તેની એફડી તોડીને બધી રકમ તેમના દ્વારા જણાવવામાં આવેલા ખાતામાં ટ્રાન્સફર કરવાનું કહ્યું. આ ઠગોએ વચન આપ્યું હતું કે તપાસ પછી સમગ્ર રકમ મૂળ ખાતામાં પાછી આવી જશે. મહિલાને લાગ્યું કે તે ખરેખર કોઈ મોટી મુશ્કેલીમાં ફસાઈ ગઈ છે અને પોલીસ અધિકારીઓ તેને કેસમાંથી બહાર નીકળવામાં મદદ કરી રહ્યા છે. જાળમાં ફસાયા બાદ મહિલાએ પાંચ હપ્તામાં લગભગ ૩ કરોડ ૨૫ લાખ રૂપિયા ઠગો દ્વારા ઉલ્લેખિત ખાતામાં ટ્રાન્સફર કરી દીધા.

મહિલાએ જણાવ્યું કે, જ્યારે ઠગોએ ફોન કર્યો ત્યારે હું ઘરમાં એકલી હતી. ઠગોએ મને ચેતવણી આપી હતી કે, જો હું ઘરના અન્ય કોઈ સભ્યને આ વિશે જાણ કરીશ તો પરિવારના અન્ય સભ્યો પણ જેલમાં જઈ શકે છે. મહિલાની પુત્રી અને પુત્ર બહાર હતા. આ દરમિયાન બાળકોએ તેમની માતાને ઘણી વાર ફોન કર્યો, પરંતુ તેમને કંઈ ન કહ્યું. ઘણા દિવસો પછી જ્યારે મહિલા વધુ પરેશાન રહેવા લાગી, ત્યારે તેણે આખી ઘટના પોતાના દીકરાને કહી. ત્યારબાદ દીકરાએ કહ્યું કે તમે સાઈબર ઠગીનો શિકાર બની ગયા છો.

ત્યારબાદ આ મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો. મહિલાએ ટ્રાન્જેક્શન સંબંધિત તમામ દસ્તાવેજો પોલીસને સોંપ્યા. મહિલાના ઘરે પડોસીઓનું આવવું-જવું નહોતું. તેથી નવ દિવસ દરમિયાન કોઈ તેમના ઘરે નહોતું આવ્યું. આ ઠગોએ દિવસ-રાત વીડિયો કોલ દ્વારા મહિલા પર નજર રાખી. મહિલાને સમયાંતરે રિપોર્ટ કરવાનું કહ્યું અને તે આમ કરતી રહી મહિલાએ કહ્યું કે 'હું વ્યવસાયે વકીલ હતી. આરોપીને સજા અપાવવા માટે હું લડતી હતી. પરંતુ એક નાની ભૂલ અને ડરના કારણે મેં પોતાની આખી જિંદગીની બચત ગુમાવી દીધી. શરૂઆતમાં મને વિચાર આવ્યો કે, મારે આ અંગે પરિવારને જણાવી દેવું જોઈએ, પરંતુ સાઈબર ક્રિમિનલ્સે મારા મનમાં એવો ડર ભરી દીધો કે હું કંઈ સમજી જ ન શકી. હું ઠગો જે કંઈ કહેતા હતા તે કરતી રહી. આ દરમિયાન મારી દીકરીએ મને પરેશાન રહેવાનું કારણ પણ પૂછ્યું પરંતુ મેં કંઈ ન કહ્યું.'પોલીસ અધિકારીઓએ કહ્યું કે, 'દેશની કોઈ પણ તપાસ એજન્સી ડિજિટલ અરેસ્ટ નથી કરતી. જો પોલીસ, સીબીઆઈ, સીઆઈડી વગેરે અધિકારીઓ વીડિયો કોલ પર આવે છે, તો તે બધું નકલી છે. આવો કોલ આવતાં જ કોલરને કહો કે, તમે લોકલ પોલીસ સાથે ઘરે આવીને પૂછપરછ કરો.'

## ન્યૂજર્સી એરપોર્ટ પર ટેકઓફ સમયે અકસ્માતની ઘટના બની

ન્યૂજર્સી, તા.૩

અમદાવાદથી લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું વિમાન અકસ્માતને હજુ એક મહિનો પણ વીત્યો નથી કે ત્યાં વધુ એક પ્લેન ક્રેશ થતા થતાં બચ્યું છે.

અમેરિકાના ન્યૂ જર્સી શહેરના એરપોર્ટ પર આ અકસ્માતની ઘટના સામે આવી. એવું કહેવાય છે કે લેન્ડિંગ દરમિયાન વિમાન પર પાઈલોટ કાબૂ ખોઈ બેઠા ને તે રનવે પર રોકાવવાની જગ્યાએ દીવાલ તોડીને બહાર નીકળી ક્રેશ થઈ ગયું. જો કે રાહતના સમાચાર એ રહ્યા કે પ્લેન ક્રેશ છતાં તેમાં આગ ન લાગી. પ્લેનને નુકસાન પહોંચ્યું પરંતુ ઈમરજન્સી ટીમોએ તરત જ ઘટનાસ્થળે પહોંચીને મુસાફરોને બહાર કાઢ્યા. પાંચ મુસાફરોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રિપોર્ટ્સમાં કહેવાયું છે કે આ સ્કાઈડાઈવિંગ પ્લેન ગુરુવારે સવારે ન્યૂજર્સી એરપોર્ટ પર રનવેની બહાર નીકળી ગયું. તેમાં ૧૫ મુસાફરો સવાર હતા. ગ્લોસ્ટર કાઉન્ટી ઈમરજન્સી મેનેજમેન્ટે કહ્યું કે, મનુરો ટાઉનશિપના ક્રાસ કીઝ એરપોર્ટ પર ઈમરજન્સી એલર્ટ બાદ રાહત અને બચાવ કાર્ય ચલાવવામાં આવ્યું. પ્લેન ક્રેશ બાદ બહાર મેદાની વિસ્તારમાં ઝાડ નીચે ફસાઈ ગયું. સ્પીડ ધીરે ધીરે ઓછી થવાના કારણે તેને વધુ નુકસાન પહોંચ્યું નહીં.

ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશને કહ્યું કે તેમણે ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે. પ્લેન ક્રેશવાળી જગ્યાએથી ઘાયલોને સીધા હોસ્પિટલ લઈ જવાયા પરંતુ તેમની સ્થિતિ હજુ ગંભીર છે. ગત અઠવાડિયે ઓહિયોમાં પણ એક વિમાન દુર્ઘટના ઘટી હતી જેમાં છ મુસાફરો માર્યા ગયા હતા. અકસ્મતામાં હજુ કોઈના મોતના સમાચાર નથી. પરંતુ એફએએનું કહેવું છે કે આ પ્લેન સ્કાઈડાઈવિંગ ગતિવિધિ સાથે જોડાયેલું છે. કદાચ મિકેનિકલ ફેલ્યોર, પાઈલોટની ભૂલ કે ખરાબ હવામાનના કારણે કોઈ ચૂક થઈ છે. ક્રોસ કીઝ એરપોટ પર પહેલા પણ અનેક વિમાન દુર્ઘટનાઓ થઈ છે. જેમાં ૧૯૮૬ની ઘટના લેન્ડિંગ વખતે ઓછો પ્રકાશ અને ૧૯૯૬ની ઘટના એન્જિન ફેઈલના કારણે થઈ હતી. નોંધનીય છે કે ૧૨ જૂનના રોજ અમદાવાદથી દિલ્હી જઈ રહેલી એર ઈન્ડિયાની ફલીટ એઆઈ૧૭૧ ટેકઓફ બાદ તરત ક્રેશ થયું હતું. તેમાં ૨૪૨માં ફક્ત એક મુસાફરને બાદ કરતા બાકી તમામ માર્યા ગયા હતા. સવા લાખ લીટર ઓઈલથી ભરેલું વિમાન રનવેના કેટલાક કિલોમીટર બાદ એક બિલ્ડિંગ પર જઈને તૂટ્યું હતું. મોટા ધડાકા સાથે લાગેલી આગમાં ૩૦ અન્ય લોકોના પણ મોત થયા હતા.

## રાજુલા ખાતે વયવંદના આયુષ્યમાન કેમ્પ યોજાયો



રાજુલા, તા. ૩

આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત કોઈપણ વર્ગના ૭૦ વર્ષથી વધુ ઉમરના લોકોને મફત સારવાર મળી રહે તેવા ઉદ્દેશ સાથે રાજુલાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીની ઉપસ્થિતિમાંવયવંદનાઆયુષ્માનકાર્ડકેમ્પનું આયોજન કરવામાંઆવ્યુંહતુ. જેનો ૨૮૦૦ ઉપરાંત લાભાર્થીઓએ લાભ લીધો હતો.

રાજુલા તાલુકાના ગ્રામ્ય અને શહેરીવિસ્તારમાંઆશાબહેનોઅનેઆરોગ્ય સ્ટાફની ટીમ ધ્વારા હાઉસ ટુ હાઉસ અને આરોગ્ય કેન્દ્ર કક્ષાએ વયવંદના આયુષ્માન કાર્ડની કામગીરી કરવામા આવી હતી. જેમા વરિષ્ઠનાગરિકોએકેમ્પનોલાભલઈપોતાના આયુષ્માનકાર્ડકઢાવ્યાહતા.જયારેધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે લાભાર્થીઓને આયુષ્માન વય વંદના કાર્ડનુ અર્પણ કરવામા આવ્યા હતા.

આયુષ્માન વય વંદના કાર્ડ કઢાવવા માટે કોઈ આવક મર્યાદા નથી. ફક્ત આધારકાર્ડના વેરિફિકેશન બાદ આ કાર્ડને ઈશ્યૂ કરી શકાય છે તેમજ આ કાર્ડ ધારકોને ૧૦લાખરૂપિયાસુધીનીમફતસારવારમેળવીશકાશેઅનેઆકાર્ડઆયુષ્માનએપઅથવા baneficiary.nha.gov.inપરથીનીકળીશકેછે. તેમ રાજુલા તાલુકા આરોગ્ય વિભાગ ધ્વારાજણાવ્યુહતુ.

આ કેમ્પમા જીગ્નેશભાઈ પટેલ, રવુભાઈ ખુમાણ, કમલેશભાઈ મકવાણા, ધીરૂભાઈ નકુમ, વિરભદ્રભાઈ ડાભીયા, વનરાજભાઈ વરૂ, સાગરભાઈ સરવૈયા, જીગ્નેશભાઈ ત્રિવેદી, મુકેશભાઈ ગુજરીયા, દિલીપભાઈ જોષી, પરીતાબેન મકવાણા, પરેશભાઈ ગોહિલ અને વિજયભાઈ કાતરીયા સહિતના હાજર રહી વધુમાં વધુ લોકો કાર્ડ કઢાવે તેવી અપીલ કરાઈ હતી જે યાદીમા જણાવેલ છે.

## હાથસણી ગામે શ્રી જમજીરાવાળા ખોડીયાર માતાજીએ લાપસી પ્રસાદનું આયોજન



સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલાનાં હાથસણી ગામે દેદુમલ નદીને કાંઠે આવેલ પ્રસિધ્ધ શ્રીજમજીરાવાળાખોડીયાર માતાજીના મંદિરે ગ્રામજનો દ્વારા વર્ષો થી અષાઢ માસમાં લાપસીના પ્રસાદનું આયોજન કરી ધરવામાં આવે છે. ત્યારે વર્ષોની પરંપરાને જાળવી રાખી આજ લાપસીનો પ્રસાદ બનાવી માતાજીને ધરવામાં આવેલ ઉપરોકત ધાર્મિક કાર્યક્રમમાં અનેક ભકતોએ / લોકોએ પ્રસાદિનો લાભ લઈ ધન્યતા અનુભવેલ.

## ૩ જુલાઈ, પ્લાસ્ટિક બેગ ફ્રી ડે : પ્લાસ્ટિકનો તિરસ્કાર, પર્યાવરણનો પુરસ્કાર કાપડની થેલીનો જ ઉપયોગ કરીએ

અમરેલી, તા. ૩

પ્લાસ્ટિકની શોધ ઈ.સ. ૧૮૬૨માં ઈંગ્લેન્ડનાં એલેકઝાન્ડર પાર્કસે કરી હતી. પ્લાસ્ટિકએ આજની સૌથી વધુ વપરાતી સામગ્રીમાંની એક છે. આજે પ્લાસ્ટિક બેગ તાકીદની જરૂરિયાત બની ગઈ છે. તેના અનુકૂળ સ્વભાવને કારણે રોજિંદા જીવનમાં તેનો ઉપયોગ વધી રહ્યો છે. રોજિંદી પ્રવૃતિઓથી સંબંધિત પ્રવૃતિઓમાં પ્લાસ્ટિકની ભૂમિકા હોય છે. મોબાઈલ, ટીવી, ફ્રીજ, એસી, ખુરશી, ટેબલ, કમ્પ્યુટર વગેરે જેવી સંખ્યાબદ્ધ વસ્તુઓ છે જે પ્લાસ્ટિકની બનેલી હોય છે, પરંતુ પ્લાસ્ટિકએ નાશ ન થઈ શકે તેવુ પ્રદુષણ છે. અને તે જમીન, પાણી અને હવાને પ્રદૂષિત કરે છે એટલે સમસ્ત પર્યાવરણને નુકસાન કરે છે. ગમે ત્યાં ફેકી દીધેલી પ્લાસ્ટિકની થેલીઓ અન્ય ખોરાકની સાથે ખાઈ જવાથી અનેક પશુઓ પણ મોતને ભેટે છે અને આ મૃત પશુઓનાં અવશેષો નાશ પામ્યા બાદ પ્લાસ્ટિક જેમનું તેમ રહે છે. પ્લાસ્ટિકનો નાશ થતાં ૧૦૦૦ વર્ષ લાગે છે. તેને બાળ



વાથી પણ તે પર્યાવરણમાં ડાયોકસીન સહિત હાનિકારક વાયુઓ છોડે છે. પર્યાવરણ માટે ભારોભાર નુકસાનકારક એવા પ્લાસ્ટિકની બેગનો ઉપયોગ દિનપ્રતિદિન વધી રહ્યો છે. જાગૃત નાગરિક તરીકે પર્યાવરણ અને આરોગ્ય માટે ખુબ જ હાનિકારક એવા પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ટાળવો દરેક વ્યકિત પર્યાવરણને બચાવે તે હાલનાં ગ્લોબલ વોર્મિંગનાં સમયની માંગ છે. વર્તમાન સમયમાં પ્લાસ્ટિકનો વપરાશ સતત વધતો જાય છે. પ્લાસ્ટિક પ્રદૂષણથી ખોરાક અને પાણી પણ બાકાત રહ્યા નથી. પ્લાસ્ટિક બેગનો યુઝ માત્ર એક મીનિટમાં થઈ જાય છે પરંતુ તેને પુથ્વીમાં સડતા એક હજાર વર્ષ જેટલો સમય લાગે છે. જેમ બને એમ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ટાળીને કાપડની બનેલી થેલીઓનો જ ઉપયોગ કરવો જોઈએ. સરકારે પણ સિંગલ યુઝડ પ્લાસ્ટિકથી બનેલી ૧૯ જેવી પ્રોડકટસ પર પ્રતિબંધ મુકયો છે. જેમાં પ્લાસ્ટિકની સ્ટીકવાળા ઈયરબડસ, કટલેરી, બલુન માટે પ્લાસ્ટિક સ્ટીક, પ્લાસ્ટિક ઝંડા, પ્લાસ્ટિકની પ્લેટ, કેન્ડી સ્ટીક, કપ, આઈસ્ક્રીમ સ્ટીક, સિગારેટનું પેકેટ, સટ્રો, કાંટા, ટ્રે ચમચી, રેપ કે પેક કરવાની ફિલ્મ, ચપ્પુ વગેરેનો સમાવેશ થાય છે. હવે જાગૃત થવાનો વારો લોકોને છે.

– મિતલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

### ૩ મહિના વધારવાની કરી હતી માગ

## ગુજરાત હાઈકોર્ટે આસારામના જામીન એક મહિનો લંબાવ્યા

### આસારામે વયોવૃદ્ધ અને બીમારીથી પીડાતા હોવાનું નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટીનું સર્ટિફિકેટ રજૂ કર્યું હતું

ગાંધીનગર,તા.૩

ગાંધીનગર કોર્ટે દુષ્કર્મ કેસમાં આસારામને આજીવન કેદની સજા ફટકારી છે. અગાઉ સુપ્રીમ કોર્ટે ૭ જાન્યુઆરી, ૨૦૨૫એ દુષ્કર્મ કેસમાં આસારામને સ્વાસ્થ્યના આધારે ૩૧ માર્ચ સુધીના વચગાળાના જામીન આપ્યા હતા. આ પછી ગુજરાત હાઈકોર્ટે ૩૦ જૂન સુધી જામીન ગ્રાહ રાખ્યા હતા. જોકે, ફરીથી જામીન લંબાવવાને લઈને કરેલી અરજી અંગે હાઈકોર્ટે આસારામના જામીન એક મહિના માટે લંબાવાયા છે.

દુષ્કર્મ કેસના આરોપી આસારામને તબીબી કારણોસર વચગાળાના જામીન આપ્યા હતા. જ્યારે આસારામ દ્વારા જામીન લંબાવવા માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જેને લઈને હાઈકોર્ટમાં દોઢ કલાક સુધી સુનાવણી ચાલી હતી. આસારામે વધુ ત્રણ મહિના માટે જામીનને લઈને અરજી કરી હતી, ત્યારે હાઈકોર્ટે એક મહિનાના જામીન મંજૂર કર્યા છે. આસારામે વયોવૃદ્ધ અને બીમારીથી પીડાતા હોવાનું નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટીનું સર્ટિફિકેટ રજૂ કર્યું હતું. જ્યારે હાઈકોર્ટે આસારામના ૧ મહિનાના વચગાળાના જામીન લંબાવાયા છે. અગાઉ ૦૭ જુલાઈ સુધી જામીન લંબાવી આપ્યા હતા.

# સુરત : શ્રી ભુરખિયા હનુમાનજી નુતન મંદિરનાં નિર્માણ અર્થે બેઠક યોજાઈ






દામનગર સુપ્રસિધ્ધ યાત્રાધામ ભુરખિયા હનુમાનજી નુતન મંદિર નિર્માણ અર્થે સુરત ખાતે બેંકવેટ હોલ ખાતે સમસ્ત ભુરખિયા મંદિર પ્રશાસન ટ્રસ્ટ અને પુજારી પરિવાર ભુરખિયા ગામ અગ્રણીઓની વિશાળ ઉપસ્થિતિમાં યોજાયેલ સ્નેહ મિલનમાં ઓમના ધ્વનિનાદ વચ્ચે હનુમાનજી ચાલીસા પઠન થી પ્રારંભ કરાયો. ભુરખિયા હનુમાનજી મંદિર ટ્રસ્ટ અને ભુરખિયા ચેરીટેબલ ટ્રસ્ટ ધ્વારા થતી અનેકવિધ સેવા પ્રવૃતિને વિડીયો પ્રોજેકટ ધ્વારા તાદ્રશ્ય કરાવાય દેશ દેશાવરમાં વસતા લાખો શ્રધ્ધાળુ ભાવિકોએ લાઈવ યુટયુબ અને ફેશબુકના માધ્યમથી સ્નેહ મિલન નિહાળ્યો સમગ્ર કાર્યકમમાં ભુરખિયા હનુમાનજી મંદિર પ્રશાસનની અત્રક્ષેત્ર આરોગ્ય શિક્ષણ હુત્રર કૌશલ્ય એમ્બ્યુલન્સ સેવા સર્વજ્ઞાતિ સમુહ લગ્નોત્સવ જળ સંસાધન આપતી નિવારણ દુષ્કાળ રાહત સેવા જીવદયા અંધત્વ નિવારણ મહિલા સશકિતકરણ ઉપરાંત દુરસદુર તી આવતા લાખો શ્રધ્ધાળુ યાત્રિકો માટે ઉતમોતમ સુવિધાઓથી અવગત કરતા પ્રમુખ દુષયતભાઈ પારેખ, હરજીભાઈ નારોલા, સુપ્રસિધ્ધ યાત્રાધામ સ્વંયભુ ભુરખિયાહનુમાનજી પ્રાગટયસાડાચાર વર્ષ પૂર્વે થી હાજુર દેવ ભુરખિયા દાદામાં અતુટ શ્રધ્ધા અને વિશ્વાસ ધરાવતા લાખો દર્શનાર્થીઓ માટે ઉતમોતમ સુવિધા થી સુસજજ નુતન મંદિર નિર્માણ કાર્ય નો અંદાજીત ખર્ચ ૪૦ કરોડ જેવા થનાર છે. ત્રણ વર્ષ જેવા લાંબા સમય સુધી નુતન મંદિર નિર્માણ કાર્ય ચાલનાર હોવાનું ટ્રસ્ટ ધ્વારા જણાવ્યું અસંખ્ય ઉદારદિલ દાતાઓ દાન અવિરત પ્રવાહ વ્હાવવા મંદિર પ્રશાસનનો અનુરોધ ટુંકી મુદતની સોશયલ મીડીયા પ્લેટ ફોર્મ ઉપર સ્નેહ મિલનની એક અપીલથી અકડેઠઠ જનમેદની એકત્રિત થઈ અનેક વિશિષ્ટતા દર્શાવતા ટ્રસ્ટીઓ ભવ્ય અને દિવ્ય મંદિર યુગો યુગાંતર ધર્મસેવા કર્તવ્ય પાલનનો સંદેશ આપવા સામર્થ્ય ધરાવશે મંદિર ટ્રસ્ટના દેશ દેશાવરમાં વસતા તમામ ટ્રસ્ટી ઓ પ્રમુખ દુષયતભાઈ પારેખ, જયેન્દ્રભાઈ પારેખ, સુધીરભાઈ પારેખ, દક્ષેપભાઈ પારેખ, હિમતભાઈ કટારીયા, અમરશીભાઈ પરમાર, નરસીભાઈ ડોડીયા, મનીષભાઈ નિમાવત, જીતુભાઈ નિમાવત, ભરતભાઈ ભટ્ટ સહિત મંદિર ટ્રસ્ટ મેનેજમેન્ટ સ્ટાફની ઉપસ્થિતમાં નુતન મંદિર નિર્માણ સંકલ્પ ને ધર્મ ઉલ્લાસથી વધાવી લેતા ઉદારદિલ દાતા તરફથી દાનની સરવાણી વહાવી શુભ પ્રારંભ કરાયો હતો. સમગ્ર સ્નેહ મિલન કાર્યકમનું બેનમુન સંચાલન જાણીતા મોટીવેશનલ સ્પીકર જીતુભાઈ મકવાણા અને સુરેશભાઈ મિયાણી ધ્વારા કરાયું હતું. દાતારત્નોને ભુરખિયા દાદાની મુર્તિ સ્મૃતિચિન્હ રૂપે ટ્રસ્ટીઓના વરદહસ્તે અર્પણ કરાય હતી.

## ચક્રવ્યુહનાં અનેક ચોગઠા પસાર કરવા પડે તેવી ગંભીર સ્થિતિ

# અમરેલીમાં બાઈક અને કારનું ડ્રાઈવીંગ લાયસન્સ લેવું અતિ મુશ્કેલ

### એક હજારથી લઈને દોઢ હજાર સુધીનો ખર્ચ થયા પછી પણ લાયસન્સ મેળવવું મુશ્કેલ

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લાનાં કોઈ નાગરિકને બાઈક કે કાર ચલાવવાનું લાયસન્સ લેવું હોય તો ચક્રવ્યુહનાં અનેક ચોગઠા પસાર કરવા પડે અને ખિસ્સામાંથી એકથી દોઢ હજારનો ખર્ચ કરવાની સાથે ધકકા ખાવા પડે છતાં કોઈ ગેરંટી જોવા મળતી નથી.

અમરેલીમાં કોઈ નાગરિકને બાઈક ચલાવવાનું લાયસન્સ લેવું હોય તો કોઈ એજન્ટ કે ડાયરેકટ રૂપિયા ૮૦૦થી લઈને ૧૪૦૦ સુધીનો ખર્ચ કરવો પડે.

### એકવાર ટ્રાયલમાં શરતચુક થઈ એટલે અઠવાડીયા બાદ પૂનઃ રૂપિયા ૩૦૦ ફી આપવી જરૂરી

બાદમાં કોમ્પ્યુટર પરીક્ષા આપવી પડે અને બદલામાં ૩ થી ૬ મહિનાનું લર્નિંગ લાયસન્સ મળે અને બાદમાં પાકુ લાયસન્સ લેવા માટે આરટીઓ કચેરીમાં આવેલ ટ્રેક ઉપર બાઈક ચલાવવી પડે અને જો કોઈ નાગરિક બાઈક ચલાવતી વખતે ગભરાઈને કે કોઈ કારણસર ભુલ કરે એટલે તેમને એક અઠવાડીયા બાદ જ પુનઃ પ્રયત્ન કરવાની તક મળે ત્યાં સુધી રાહ જોવી પડી અને સાથે રૂપિયા ૩૦૦નો પુનઃ ખર્ચ કરવો પડી રહ્યો હોય તેઓને તુરત જ ફરી વખત ટ્રાયલ દેવાની વ્યવસ્થા નિઃશુલ્ક આપવી જરૂરી છે.

### કાર ચલાવવાનું લાયસન્સ લેવું એટલે ભાજપની વિધાનસભાની ટિકિટ લેવા જેવું મુશ્કેલ

જયારે કાર ચલાવવાનું લાયસન્સ મેળવવું એ તો અતિ મુશ્કેલ છે. કારણ કે આરટીઓનાં ટ્રેકની કોઈને તાલીમ હોતી નથી અને સામાન્ય ભુલ થઈ નથી ને પુનઃ રકમ ખર્ચવી જ પડે. તેમાં કોઈ બાંધછોડ કરવામાં આવતી નથી. જો કે અમુક એજન્ટ કે મળતીયા વ્યકિતને ખાનગીમાં મળે તો અમુક નાણાનું નેંવેધ ધરીને લાયસન્સ સરળતાથી મળી જતું હોવાની પણ ફરિયાદ ઉભી થઈ છે.

### જો કે નાણાકીય વ્યવહાર ખાનગીમાં કરો તો વિના પરેશાની લાયસન્સ મળવાની પણ સંભાવના

રાજયસરકારે લાયસન્સ માટે પહેલી ટ્રાયલ અને બીજી ટ્રાયલ વચ્ચે એક અઠવાડીયાનો જે નિયત સમય કરેલ છે તે રદ કરીને એકાદ કલાક બાદ બીજીવાર ટ્રાયલ અને તે પણ નિઃશુલ્કની વ્યવસ્થા કરવી જોઈએ જેથી કોઈ વ્યકિત બહારગામથી આવેલ હોય તો તેને ધકકાથી બચાવી શકાય. તદુઉપરાંત આરટીઓનાં ટ્રાયલ ટ્રેક ઉપર આમ નાગરિક બાઈક કે કાર ચલાવી તાલીમ મેળવી શકે તે માટે રજાનાં દિવસોમાં કે સવારે–સાંજે મફતમાં વ્યવસ્થા કરાવવી જોઈએ તેવી માંગ લાયસન્સ ઈચ્છુકો કરી રહ્યા છે.

---

### થોડા દિવસ પહેલા હનુમાનપરામાં બનાવ બનેલ

## અમરેલીમાં ગાય ઉપર એસિડ નાખવાની ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો

### આજે ગૌપ્રેમી જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવશે

અમરેલી, તા. ૩

અમરેલીના હનુમાનપરા વિસ્તારમાં થોડા દિવસ પહેલાં કોઈ શખ્ય દ્વારા ગાય પર એસિડ નાખવાની ઘટનામાં ભારે રોષ સાથે ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ત્યારે આ કૃત્ય કરનારાને ઝડપી લઈ તાત્કાલિક સજા થાય તે માટે થઈ શહેરભરના ગૌરક્ષક દ્વારા અમરેલી કલેકટરને આવતીકાલે એક આવેદનપત્ર આપશે.

અમરેલીના હનુમાનપરા વિસ્તારમાં થોડા દિવસ પહેલાં કોઈ નરાધમ દ્વારા ગાય પર એસિડ નાખી જીવદયા વિરૂદ્ધનું કાર્ય કરી માનવતાને શરમાવતું કૃત્ય કરેલ છે. જે અંગે આવતી કાલ તા.૪ ને શુક્રવારના રોજ બપોરે ૩ કલાકે કેસરી નંદન હનુમાનજી મંદિર, સેન્ટર પોઈન્ટ ખાતે એકઠા થવા અને અમરેલી જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ આવેદનપત્ર આપવાના કાર્યક્રમમાં અમરેલીની દરેક ગૌ–પ્રેમી નાગરિકોને જોડાવવા માટે ગૌ– સેવક દ્વારા વિનંતી કરવામાં આવેલ છે.

---

### સાવકી માતા દ્વારા મળતી પરેશાની દુર થઈ

## અમરેલી સખી વનસ્ટોપ સેન્ટરની મદદથી ૧૭ વર્ષની તરૂણીની જીંદગી પાટે ચડી

### સરકારની સેવાથી મહિલાઓમાં રાહત

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લા મહીલા અને બાળ અધિકારી શૈલેશભાઈ કણઝારીયાના માર્ગદર્શન નીચે અમરેલી – સિવિલ હોસ્પિટલ ખાતે સખી વન સ્ટોપ ૨૪X૭ કાર્યરત છે. જેમાં હિંસાથી પીડિત બહેનોને જુદી જુદી પાંચ પ્રકારની મદદ પૂરી પાડવામાં આવે છે. જેમાં પોલીસ

અનુસંધાન પાના ૬ ઉપર



---

### ગાંધીનાં ગુજરાતમાં દેશી–વિદેશી દારૂ સાથે જુગારનું પણ દુષણ વધ્યું

## અમરેલીના ગાવડકા નજીકના સીમ વિસ્તારમાં ચાલતાં જુગારધામને ઝડપી પોલીસે ૯ પત્તાપ્રેમીઓની અટકાયત કરી

### તાલુકા પોલીસે રૂપિયા ૧૧.૭૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી શરૂ કરી

અમરેલી, તા. ૩

અમરેલી નજીક આવેલ ગાવડકા નજીક સીમ વિસ્તારમાં આવેલ એક વાડી વિસ્તારમાં જુગારધામ ધમધમતું હોવાની બાતમી અમરેલી તાલુકા પોલીસને મળતાં પોલીસે દરોડો પાડી ૯ શખ્સોને રોકડ રકમ સહિત કુલ રૂા.૧૧,૭૭,૮૧૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ હતી.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ અમરેલી તાલુકાના ગાવડકા ગામે રહેતા કેશુભાઈ ઉકાભાઈ ટાંક નામના ૬૦ વર્ષિય વૃદ્ધે પોતાનાં આર્થિક ફાયદા સારૂ અમરેલીમાં રહેતા જીતેન્દ્રભાઈ કાળુભાઈ સોલંકી, હિંમતભાઈ દેવચંદભાઈ બુટાણી, લાલજીભાઈ વિઠ્ઠલભાઈ મકવાણા, અસલમભાઈ મયુદીનભાઈ મલેક, અનિલભાઈ મધુભાઈ સરવૈયા તથા ગાવડકા ગામે રહેતા વિજયભાઈ ચતુરભાઈ ગાંગડીયા, હિતેષભાઈ લઘરાભાઈ કંબોયા, તથા ઓઘડભાઈ નનુભાઈ મકવાણા (પ્રતાપપરા), સહિતના આઠ માણસોને જુગાર રમવા બહારથી બોલાવી પોતાનાં કબ્જા ભોગવટાની ગાવડકા ગામેથી થોરડી ગામ તરફ જાવાના કાચા રસ્તે આવેલ વાડીએ મકાનમાં પૈસાનો પાના વડે હારજીતનો જુગાર રમી રમાડતા હોય આ અંગે અમરેલી તાલુકા પોલીસના અના.એ.એસ.આઈ. મનિષકુમાર



જોષીને બાતમી મળતાં ગત તા.૨ના રોજ સાંજના સમયે પોતાના પોલીસ સ્ટાફ સાથે દોડી જઈ દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૫,૩૨,૮૧૦ તથા મોટર સાયકલ નંગ ૩ કીમત રૂા.૧ લાખ, તથા ફોરવ્હિલ ગાડી–૧ કિમત રૂા. ૫ લાખ, તથા મોબાઈલ ફોન નંગ – ૯ કિમત રૂા. ૪૫,૦૦૦ મળી કુલ રૂા.૧૧,૭૭,૮૧૦ ના મુદ્દામાલ સાથે તમામ આરોપીને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરતા જુગાર રમવાની ટેવ ધરાવતા શખ્સોમાં વ્યાપક ફફડાટ ફેલાયો છે.

---

### નાયબ દંડક કૌશિક વેકરિયાની રજુઆતથી

## અમરેલીમાં એરસ્ટ્રીપને લઈને નવી એનઓસી જાહેર થતાં બિલ્ડરો ખુશ

### બિલ્ડર એસોસિએશને નાયબ દંડકનો આભાર માન્યો

અમરેલી, તા. ૩

અમરેલી શહેરના એરસ્ટ્રીપની આજુબાજુના વિસ્તારમાં બાંધકામ કરવા માટે ભારત સરકારના પરિપત્ર મુજબ એનઓસી લેવાની ફરજીયાત ફરજ પડતી હતી. જે અંગે અમરેલી બિલ્ડર્સ એસોસિએશને કૌશિકભાઈ વેકરિયાને રજુઆત કરેલ હતી. જે રજુઆતને ધ્યાને લઈ કૌશિકભાઈ વેકરિયાએ ઉડ્ડયન મંત્રી અને એવિયશન વિભાગને રજુઆત કરતા ૨૦ કિલોમીટરની ત્રિજયામાં કલર કોડેડ ઝોનિંગ મેપ તૈયાર કરી મુકિત મર્યાદા આવતા બાંધકામોને એનઓસી લેવામાંથી મુકિત મળતા અમરેલી બિલ્ડ એસોસિએશન દ્વારા આજરોજ અમરેલી તેમની કાર્યાલય કર્તવ્યમ મુકામે તેમનું શાલ તથા પુષ્પગુચ્છથી સ્વાગતનો કાર્યક્રમ રાખી તેમને ખુબ ખુબ અભિનંદન પાઠવેલ તેમજ બાંધકામ બાબતે શહેરના વિકાસ માટેની ચર્ચાઓ કરી હતી. જયાં જરૂર પડે તે કામ કરવાની ખાત્રી આપી હતી. આ તકે બિલ્ડર્સ એસોસિએશનના ઉપપ્રમુખ રાજુભાઈ શિયાણી, દિપકભાઈ મહેતા, દયાળ ભાઈ સંઘાણી, મહામંત્રી સંજયભાઈ વાગડિયા, હિરેનભાઈ રાછડીયા, જયંતિભાઈ મનાણી, મહેશભાઈ જાવીયા, મનસુખભાઈ ચૌહાણ, ચંદુભાઈ ખણેસા, ભગત તળાવીયા વિગેરેએ કૌશિકભાઈનું બહુમાન કરી અભિનંદન પાઠવેલ. તેમ સંજયભાઈ વાગડીયાએ જણાવેલ છે.

---

### ખાનગી ટ્રાવેલ્સમાં મહેતાજી તરીકે કામ કરતા

## રાજુલાના ૫૫ વર્ષિય પ્રૌઢનો મૃતદેહ ધોલેરા નજીકથી મળી આવતા ચકચાર

### પોલીસ વિભાગે બનાવ અંગે તપાસ શરૂ કરી

રાજુલા, તા. ૩

ધંધુકાના ધોલેરા નજીક આવેલા નાણા ગામ પાસે સાંઢીડા એકસપ્રેસ હાઈ–વે નીચેથી એક પુરૂષની લાશ મળી આવતા વિસ્તારમાં હડકંપ મચી ગયો છે. લાશ મળ્યાની જાણ થતાં સ્થાનિક ગ્રામજનોમાં ચકચાર વ્યાપી ગઈ હતી અને અનેક પ્રકારના તર્કવિતર્કો શરૂ થઈ ગયા હતા.



આ દુર્ઘટનાની જાણ પોલીસને થતા ધોલેરા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને લાશના સ્થાને પંચનામા સહિતની જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે મૃતકના ખિસ્સામાંથી એક આધારકાર્ડ જપ્ત કર્યુ હતું. જેના આધારે મૃતકની ઓળખ ઉનાગર ગિરધરભાઈ મનજીભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

---

### નવી સિસ્ટમ સરળતાથી કાર્યરત થાય તે સુનિશ્ચિત કરવા

## અમરેલી ડિવિઝનની તમામ પોસ્ટ ઓફિસમાં ૨૧ જુલાઈએ જાહેર વ્યવહાર બંધ રહેશે

### સેવાઓનુ કામચલાઉ બંધ રાખવુ જરૂરી બન્યુ

અમરેલી, તા. ૩

ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ્સએ NEXT જનરેશન APT એપ્લિકેશનની લોન્ચ કરવાની ઘોષણા કરી છે, જે ડિજિટલ ઉત્તમતા અને રાષ્ટ્રનિર્માણ તરફ

અનુસંધાન પાના ૬ ઉપર












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)